# जपन साराष्ट



સાવત્થી તીર્થમંડન શ્રી સંભવનાથાય નમઃ

શ્રી આત્મકમલ લબ્ધિ ભુવનતિલક ભદ્રંકર પુણ્ય સદ્ગુરુભ્યો નમઃ

# ભુવન સારાષ્ટક

— ૦ કૃતિકાર ૦ —

ધર્મદિવાકર પૂ. આ. શ્રી ભુવન તિલક સૂરીશ્વરજી મ.સા.

卐

— : વિવેચક : —

પૂ. આ. શ્રી. કર્ણાટકકેશરી ભદ્રંકરસૂરીશ્વરજી
મ.સા.ના શિષ્યરત્ન પૂ. પં. શ્રી શાંતમૂર્તિ પુણ્યવિજયજી
મ. સા.ના વિનેય પૂ. મુ. શ્રી વીરસેનવિજયજી મ. સા.

પ્રકાશક :
ભુવન ભદ્રંકર સાહિત્ય પ્રકાશન કેન્દ્ર
C/o વી. વી. વોરા
૩૪, કૃષ્ણપ્પા નાયકન સ્ટ્રીટ,
મદ્રાસ (૬૦૦૦૦૧)

卐

વીર સં. ૨૫૦૮
વિ. સં. ૨૦૩૮
લબ્ધિ સં. ૨૧

卐

મુદ્રક :
રાજુભાઈ સી. શાહ
કેનિમેક પ્રિન્ટર્સ,
મામુનાયકની પોળ,
અમદાવાદ-૧

# નિવેદન

સાહિત્ય શા માટે ?

તમારી પાસે બે પૈસા હોય તો
એક પૈસાથી રોટી ખરીદો
એક પૈસાથી પુસ્તક ખરીદો
કારણ !
રોટી તમારા જીવનને ચલાવે છે
અને પુસ્તક તમને જીવનકલા અર્પે છે.

કેવું તાર્કિક અને માર્મિક ચિંતન પ્રસ્તુત છે. આજે આવા સાહિત્યની આવશ્યકતા જ નહિ પણ અનિવાર્યતા ઉપસ્થિત થઈ છે. જે જીવતા જ નહિ પણ કેમ જીવવું ? જીવનની માંગલ્યતા શેમાં ? જીવનનું સાફલ્ય શું ? વિવિધ વિષયોનું સમાધાન સમર્પિત કરતી જીવનકલા શીખવે. આધુનિક માનવને વાંચનની અભિરુચિ વધતી જ જાય છે, પણ તેને હવે કેવું વાંચવું તે વિચારવાની તક આવીને ઊભી રહી છે. સાહિત્યનો અર્થ એક પ્રબુદ્ધ ચિંતકે બહુ જ સુંદર કર્યો છે :

હિતેન સહ વર્તતે સહિતં, સહિતસ્ય ભાવઃસાહિત્યમ્ જે વાંચન–પઠન, ચિંતન–મનન તમને હિતમાં જોડે, હિતનો વિચાર કરવા પ્રેરે, હિત એટલે આત્મહિત, આત્મકલ્યાણની કેડી પ્રદર્શિત કરે, જીવનને ઉજ્જવલ, ઉન્નત અને ઊર્ધ્વગામી બનાવે તે જ સાહિત્યનો વાસ્તવિક બોધ છે.

આદિત્ય જગતમાં અજવાળું કરે છે.

સાહિત્ય જીવનમાં અજવાળું કરે છે.

'પેન ઇઝ મેટીયર ધેન ધ સ્વોર્ડ.' જે તાકાત તલવારમાં નથી તેવી જ નહિ તેનાથી અધિક તાકાત પેનમાં જ છે. પેન દ્વારા સર્જાતું સાહિત્ય જ માનસિક અને આત્મિક ક્રાંતિ સર્જી શકે છે.

પ્રસ્તુત વાત :

લબ્ધિકૃપાના ગુજરાતી અંકોમાં ભુવન ભાગીરથીના શીર્ષક નીચે પ્રકાશિત થતા શ્લોકો અને તેનું વિવેચન જ ગ્રંથસ્થ રૂપે પ્રકાશિત થઈ રહ્યું છે. આ વિવેચનાને વાંચવાથી, વાગોળવાથી જીવનના ઉપવનમાં એક એવા અનોખા પ્રકારની સૌરભ સંચારિત થશે, જે સમતા–સમાધિ અને સુમનસતા પ્રગટાવશે. અમે આવા પ્રકારનું વિધાન કરીએ તો તે અનુચિત ગણાય જ, પણ તમો તે વિવેચના વાંચશો ત્યારે જ વિશેષતા જ્ઞાત થશે.

કૃતિકાર....

પ્રજ્ઞાપુરુષ, કવિકુલકોટીર, ધર્મદિવાકર પૂ. આ. શ્રી ભુવનતિલકસૂરીશ્વરજી મ. સાહેબના સ્વયંના ચિંતનના સાગરમાંથી ઉત્પન્ન થતું સાહિત્યરત્ન એટલે જ 'ભુવન-સારાષ્ટક' આ અષ્ટકો ચિંતનીય–મનનીય હોવાથી તેનું ગુજરાતી વિવેચન પ્રકાશિત કરી રહ્યા છીએ.

ગુરુદેવે ગુજરાતી ભાષામાં જેટલી સિદ્ધહસ્તતા સંપ્રાપ્ત કરી છે તેટલી જ સિદ્ધહસ્તતા ગીર્વાણ ભાષામાં પ્રાપ્ત કરી હતી, જે તેઓશ્રીના ગ્રંથોના પરિશીલનથી પરિજ્ઞાત થાય છે. શ્લોકબદ્ધ સંરચના તેઓશ્રીની કવિત્વ શક્તિ કહી જાય છે.

અંતરીક્ષતીર્થ માહાત્મ્યમ્

મૃત્યુ ક્ષણકાવ્યમ્

भुवन काव्यकेली પ્રભૃતિ ગ્રંથોનું સર્જન પૂજ્યશ્રીની પ્રગલ્ભ પ્રજ્ઞાને પ્રસ્તુત કરે છે.

કલ્યાણ અને મહાવીર શાસનમાં પ્રગટ થતા લેખો એક ઉન્મુક્ત ચિંતક અને સાહિત્ય સર્જક તરીકેની પ્રતિભા પ્રતિબિંબિત કરે છે.

પ્રતિવર્ષે પ્રગટ થતી પ્રભુભક્તિના ભાવનાં સભર સ્તવનો તેમની કવિત્વ શક્તિની અભિવ્યક્તિ પ્રસ્તુત કરે છે. એક જ આસન પર સ્થિર થઈ વિવિધ શાસ્ત્રીય રાગોમાં રચેલી સ્તવન ચોવીશી દ્વારા જણાય છે કે, તેઓશ્રી સરસ્વતી લબ્ધ પ્રસાદ વરેલા હતા. આવા મહાન કૃતિકારની આ કૃતિ છે.

વિવેચક :

પ્રસ્તુત કૃતિ પર વિવેચના કર્ણાટક કેશરી પૂ. આ. શ્રી ભદ્રંકર સૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન તપસ્વી પં. શ્રી પુણ્યવિજયજી ગણિવરના વિનેય મુનિશ્રી વીરસેન વિજયજીએ આલેખિત કરી છે.

ઉપરોક્ત ગ્રંથનું પ્રૂફસંશોધન આદિ પૂ. પં. શ્રી સ્થૂલભદ્રવિજયજી મ. સાહેબે ચીવટપૂર્વક કરી આપ્યું છે. મુદ્રણકાર્ય કેનિમેક પ્રિન્ટરીના માલિક શ્રી રાજુભાઈએ સુંદર રીતે કરી આપ્યું છે.

પ્રાંતે અમારી સંસ્થા આ સર્વ ઉપકારીઓનો ખૂબ ખૂબ આભાર માને છે અને આવી જ રીતે ગ્રંથ-પ્રકાશનો દ્વારા શાસનસેવાનો લાભ પ્રાપ્ત થાય એવી હાર્દિક પ્રાર્થના શાસન દેવને કરીએ છે.

વી. વી. વોરા

મદ્રાસ

— આભારદર્શન —

બેંગ્લોરના શ્રુત ભક્તોનો સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે.

# વંદના

વિરલ વિભૂતિ
અલખ અનુભૂતિ
જંતૂ પ્રતિ સહાનુભૂતિ
વિશ્વે વહે વિશ્રુતિ

એવા ભુવનતિલકસૂરિ
કરું વંદના ભૂરિ ભૂરિ

સરલ સરસ વૃત્તિ
પરોપકારક પ્રવૃત્તિ
ત્યજી કષાય કુવૃત્તિ
કર્મ મધ્યે નિવૃત્તિ

એવા ભુવનતિલકસૂરિ
કરું વંદના ભૂરિ ભૂરિ

બને આગમના જ્ઞાની
વહાવે જનકલ્યાણી વાણી
સર્જી સ્નેહ સરવાણી
જગાવી ઝંખના તરવાણી

એવા ભુવનતિલકસૂરિ
કરું વંદના ભૂરિ ભૂરિ
લબ્ધિ બાગના એ માલી
તારી જ્યોતિ છે નિરાલી

# अनुक्रमणिका


| विषय | | पृष्ठ |
|---|---|---|
| १. | कुविचारत्यागाष्टकम् | १ |
| २. | परभावपरिहाराष्टकम् | ११ |
| ३. | ममत्वत्यागाष्टकम् | १७ |
| ४. | सुकृतलाभाष्टकम् | २३ |
| ५. | विषयपरित्यागाष्टकम् | २९ |
| ६. | जिनाज्ञाष्टकम् | ३५ |
| ७. | विकथावर्जनाष्टकम् | ४० |
| ८. | जिनशरणाष्टकम् | ४७ |
| ९. | सम्यगदर्शनाष्टकम् | ५३ |
| १०. | ध्यानाष्टकम् | ५९ |
| | प्रशस्ति | ६५ |

# १. कुविचारत्यागाष्टकम्

॥ १ ॥

प्रणम्य भक्त्या ऋषभं जिनेशं,
भक्तेप्सितार्थे सुरकल्पकल्पम् ।
शुभाष्टकं सद् रचयामि भव्यं,
सुरीशलब्धिं च गुरुं प्रवन्द्य [उप०] ॥१॥

ભલે દુનિયાના વ્યવહારમાં ગવાતું સૂત્ર તો 'ચમત્કાર ત્યાં નમસ્કાર' પણ આધ્યાત્મિક દુનિયામાં તો જ્યાં નમસ્કાર ત્યાંજ ચમત્કાર સર્જાય છે. (૧) નમસ્કાર જ સમ્યક્ દર્શનની પ્રાપ્તિ કરાવે છે. (૨) નમસ્કાર જ સમ્યક્ જ્ઞાનની ઉપ-લબ્ધિ કરાવે છે. નમસ્કાર જ સમ્યક્ ચારિત્રને હસ્તગત કરાવે છે. અરે આ નમસ્કાર જ મોક્ષનગરમાં પહોંચાડનારો નેશનલ હાઇવે છે. માટે તો સિદ્ધસ્તવમાં લખ્યું છે: "ઈક્કોવિ નમુક્કારો જિનવરવસહસ્સવદ્ધમાણુસ્સ; સંસાર

સાગરાઓ તારેઈ નરંવનારિંવા " ચૌદ પૂર્વના સાર સમ નમસ્કાર મહામંત્રમાં પણ નમો પદને અગ્રિમ રાખ્યું છે. નમસ્કારની પ્રવૃત્તિમાં આત્માની નમ્રતા વૃત્તનું પરિણામ છે અને નમ્રવૃત્તિ એ જ આરાધનાનું બીજ છે. પણ નમસ્કાર ભક્તિયુક્ત હોવો જોઈએ.

નમસ્કારમાં જો ભક્તિની સુવાસ ન હોય તો તે નમસ્કારની કિંમત પરાગ વિનાના પુષ્પ સમાન છે. નમસ્કાર બાહ્ય દેખાવ બનશે પણ તારક નહીં બને. ભક્તિ તો દૂધ છે. જેનાથી વિરક્તિનું દહીં, અનાસક્તિનું નવનીત અને મુક્તિનું ઘૃત પ્રાપ્ત થાય છે. એ ભક્તિ જ ભાગવતીનું બીજ છે. જેનાથી પ્રસન્નતાનાં પુષ્પો........વિતરાગનું માધુર્ય પ્રાપ્ત થાય છે........આ તથ્ય......તત્ત્વ મેં શાસ્ત્રનું દોહન કરી પ્રાપ્ત કર્યું છે એમ પાઠક પ્રવરજીએ લખ્યું છે. ભક્તોની મનોકામનાને પૂર્ણ કરવામાં કલ્પતરુ સમાન ઋષભજીનેશ્વર પ્રભુને ભક્તિથી નમસ્કાર કરીને અને જેમના પીયૂષ સમાન પ્રસાદ જ મારા સંયમ પંથનું પથીય બન્યું તે ગુરુદેવ લબ્ધિસૂરીશ્વરજી મ. સા.ને પ્રકૃષ્ટ ભાવથી વંદન કરીને શુભાષ્ટકની ભવ્ય અને સત્ રચના કરું છું. શુભને પુણ્ય કહેવાય છે. શુભ મૂળ છે. લાભ તેનું પરિણામ છે. શુભની સિદ્ધિમાં લાભની પ્રાપ્તિ સહજ છે. ધર્મ, ત્યાગ, દાન, પરોપકાર આ બધાનું પ્રેરણાનું મૂલ્ય શુભનિષ્ઠા છે. પ્રેરણાની ફલશ્રુતિ લાભ છે. જ્યારે પ્રેરણા સુકાવવા માંડે છે. પરિણામના સ્વરૂપ લાભની આકાંક્ષા

વધવા લાગે છે. શુભનિષ્ઠા ખતમ થવાથી વ્યક્તિ લાભાકાંક્ષાની મૃગમરીચિકામાં દોડે છે. પછી એને કોઈપણ આચાર-વ્યવહાર અકરણીય કે અનાચારણીય નથી રહેતો. જીવનની શુભનિષ્ઠા ખતમ થવાથી તેના જીવનમાં એવો ભયંકર લાવા-રસ ફૂટે છે, જે બીજાને જલાવા સાથે સ્વયંને પણ જલા-વતો જાય છે. શુભ જીવનનું ધ્રુવ સત્ય છે. લાભ વ્યક્તિ સાપેક્ષ વસ્તુ સાપેક્ષ છે. વૃત્તિ સાપેક્ષ છે. સુખ વસ્તુમાં નહીં મનુષ્યની પોતાની વૃત્તિઓમાં છે. શુભનિષ્ઠાનું ફળ લાભ છે. શુભ તત્ત્વ નથી તો લાભ પણ નથી. શુભ કોણે કહેવું તે આપણે જોઈએ. ॥૧॥

॥ ૨ ॥

धर्मं त्वमाचर तवात्महिताय नित्यं
विस्मृत्य पापमखिलं परभावविद्धम् ।
व्यामोहतो धनकुटुंबगृहादिकार्थे,
लुब्धस्तरिष्यसि कथं कुविचारचञ्चूः ॥२॥

અરે સાધક ! શું તને પસ્તાવો કે અફસોસ પણ નથી લાગતો કે મેં અનંત-અનંત કાલ પત્ની-પરિવાર-પૈસા-પેટના હિતની ચિંતામાં પસાર કરી દીધો. અરે પસાર શું ખોઈ નાખ્યો....હવે શું તને એમ નથી લાગતું કે મારું આત્મહિત સાધી લઉં....અરે આ તને પ્રાપ્ત થયેલો જન્મ જ આત્મહિત માટે છે. તેનાં સાધનો અહીંયાં જ ઉપલબ્ધ થાય છે. આવી સામગ્રી પ્રાપ્ત થવા છતાં તું

સાચે જ તારું આત્મહિત ભૂલી જાય છે. હવે તો તું તારું આત્મહિત નિત્ય કરતો રહેજે. સૌથી દુર્લભ અને દુઃશક્ય છે. આત્મહિત....આત્મહિત વિતરાગ પ્રરુપિત ધર્મ આચરવાથી જ થાય છે. કદાચિત્ ધર્માચરણ કર્યું હશે તો તે પણ આત્મહિત માટે જ નહીં પણ પોતાની સંસારની સેફ્ટી (Safety) માટે પૈસાની સેક્યુરિટી (Security) વાસ્તે ધર્મ કર્યો. પણ હવે તો આત્મહિત માટે જ ધર્મને આચરજે. બધાં જ પાપોનું વિસ્મરણ કરીને પરભવને જાણીને........ "અરે જોજે સાધક આ મોહ તને મૂઢ ન બનાવી દે. ધન-કુટુંબ–ગૃહાદિ કાર્યોમાં તને મસ્ત ન બનાવી દે. જો તું લુબ્ધ બની જઈશ, તો....

અથવા તો સોહામણી વિચારકારમાં લહેરાઈશ કે પછી.... ધર્મારાધના કરીશું....તો....તો.... આ માયા તને જ....તારા જીવનને ભરખી જશે. પછી જે ભવ તરવા માટે મળ્યો તેમાં એક કુવિચાર ચંચુ તું કેવી રીતે તરીશ? ॥૨॥

॥ ३ ॥

संसारवह्निपरिदग्धतयाऽऽतुरोऽसि,
त्यागं विना नहि कथंचन सौख्यलेशः ।
आसक्ति–योग–परिजृंभित चित्तवृत्तिः,
नो लप्स्यसे प्रकृतिजन्यसुखांबुराशिम् ॥३॥

સંસાર તો દાવાનલ છે. આ દાવાનલ કેવો સળગે છે? એની જ્વાલાઓ કેવી નીકળે છે? તેં જોઈ છે?

એ જ્વાલામાં તને સુખ દેખાયું?

સુખનો સાગર લહેરાતો દેખાય? અને તું તે લેવા દોડયો, ભાગ્યો....શું મળ્યો તને સુખનો અંશ, ના....ના ....તું દાઝયો....સેકાઈ ગયો....રાગી બન્યો તેથી...આ સંસાર દાવાનલમાં ત્યાગ વિના સુખ નહીં. માટે સુખનો લેશ ન મળ્યો.

આસક્તિ યોગમાં લીન બનેલી ચિત્તવૃત્તિથી શું પ્રકૃતિ એટલે સ્વાભાવિક સુખનો સાગર તને પ્રાપ્ત થશે. નહીં પ્રાપ્ત થાય....॥૩॥

॥ ૪ ॥

वैराग्य–रङ्ग–रहितः परभाव–पान्थः,
सौख्येप्सया भ्रमित-चित्त-विचारशून्यः ।
यत्ने कृतेऽपि लभते न हि दुःखमुक्तिं,
दावानले पतति कोऽपि यथा हिमार्थी ? ॥४॥

જે જીવાત્માઓને પોતાના સુખની વાસના....ઇચ્છા જાગે છે, તે બધી દુઃખમય છે.

આ એકદમ વૈજ્ઞાનિક સત્ય છે. ભાવયાત્રા તો અનંતાનંત કાળથી ચાલી આવે છે. તેનો તું યાત્રિક તો બન્યો. પરભાવને પરભાવની પાછળ પાગલ બની તેં સખ્ત પરિશ્રમ

અને સતત ઉદ્યોગ કર્યો પણ શું ? પારકા પોતાના બને ખરા.... આટઆટલી યાત્રા કરી તેં રાગના રંગમાં....કામના કસરમાં એટલો કલરિંગ થઈ ગયો કે વૈરાગ્યના રંગનો એક છાંટો પણ ન લાગ્યો....અને એક જ ધૂન લાગી.... એક જ ઈપ્સા....અભિપ્સા.... સુખની ચાહના એ ટેન્શન એવું વધારી દીધું કે ચિત્તભ્રમિત બની ગયું. વિચાર-શૂન્ય બની ગયો....આ ચિત્તભ્રમિતાએ કેવી કમાલ કરી દીધી. દુઃખ, દીનતા....દારિદ્રતા અને દાસતા અર્પી....અને કંચન–કામિની–કાયા–કુટુંબનો સહવાસ કર્યો તો શું તેનાથી દુઃખમુક્તિ થઈ? દુઃખ ચાલી ગયું ? અરે કેવો સુખનો મેનિયા લાગ્યો ! ગટરમાં પડેલા દારૂડિયાની જેવી દશા થઈ ગઈ. શું હિમનો અર્થી દાવાનલમાં જાય તો હીમ મળશે કે

અગ્નિ, જરા વિચારી લો....॥૪॥

॥ ૫ ॥

**भोगोऽस्ति रोगविपुलः परिणामभीमः,**
**रुद्रावनौ च सहते परिभोगिजीवः ।**
**दुष्प्राप्य जन्म निजकं कुविचारमग्नः,**
**धर्मक्रियादिरहितो गमयेन्मनुष्यः ॥५॥**

મળેલા જન્મનો તે કદી વિચાર કર્યો ? કેવો મજાનો છે. આ અવતાર....જે અવતારને પામવા તે કેટલા ગુણનો સંચય કર્યો ? કેટલી સાધના સાધી ? ત્યારે તું Good

Luck બન્યો અને આવા દુર્લભ-દુષ્પ્રાપ જન્મને પામ્યો. પણ પછી તો તું કુવિચારમાં મગ્ન બની ગયો. જે ભોગની સાથે તેં પ્યાર કીધો. તે ભોગની સાથે તે સંબંધ બાંધ્યો ....ભોગને ભોગવવામાં મસ્ત બન્યો.... પણ તે ભોગ કેવો છે? જેની પાછળ છે એકાદ રોગ નહીં પણ.... રોગનો કાફલો.... અને તેનું પરિણામ ભયંકર.... આ ભોગો તને ક્યાં લઈ જશે. ખબર છે? નરકમાં – દુઃખભૂમિમાં. માટે હવે તો આ ભોગમાં મસ્ત બનીને ધર્મક્રિયાઓને કરીશ નહીં. ક્રિયાઓમાં મસ્ત બનીશ નહીં તો આ મોંઘેરો જન્મ એળે ગુમાવી દઈશ.... ॥૫॥

॥ ६ ॥

घोरेऽतिदुःखभरिते अयसंकुलेऽस्मिन्,
संसारवार्धिलहरीभ्रमितोऽस्ति जीवः ।
कर्मानुगश्चरति दुर्गतिदुर्गछिद्रे,
विश्वग् सुदुःखसहितो जिनधर्ममुक्तः ॥६॥

કોણ કહે છે કે આ સંસાર સુખથી ભરેલો છે? એરકંડિશન ફ્લેટમાં રહેલા શ્રીમંતોનો ઇન્ટરવ્યૂ તો લો.... દેવલોકમાં રહેલા દેવાત્માઓની દાસ્તાન સૂણો તો જોવા મળશે કેટલાં દુઃખો છે?

સામ્રાજ્યના સ્વામી ચક્રવર્તીના જીવનનું અવલોકન કરશો તો જણાશે કે કોનો સંસાર સુખ ભર્યો છે? કોક તો બતાવો. જ્યાં જુઓ ત્યાં ડગલે ને પગલે દુઃખ.... દુઃખ.... આવા દુઃખમય સંસાર-સાગરની લહેરીઓમાં

ભ્રમિત બનેલો જીવ.... કર્મરૂપ વાયુ જ્યાં લઈ જાય ત્યાં ત્યાં ભમતો....અહાહા....કેટ કેટલી દુર્ગતિઓ રૂપ દુર્ગતિમાં જઈ દુઃખ ભોગવ્યું....તેનો ક્યારે વિચાર કર્યો ? આ દુઃખથી મુક્ત કરનાર જિનધર્મને તો તે આરાધ્યો જ નહીં.... ॥૬॥

॥ ૭ ॥

लब्ध्वापि शासनमिदं जिनधर्मसत्कं,
पुण्यानुयोगविपुलैर्भवमंडपेऽस्मिन् ।
यो रज्यते विषयवासकरङ्गभङ्गैः.
चिन्तामणिं स बत हारयति स्वहस्तात् ॥७॥

પવન જેમ અનુકૂળ હોય તો વહાણુ ઇચ્છિત સ્થાને પહોંચી જાય તેમ પુણ્યની મહેર થતાં જ તું ક્યાં આવ્યો તે ખબર છે ને ? ભવમંડપમાં કેવું સુંદર સ્થાન મળ્યું છે ! જે શાસનની પ્રાપ્તિ માટે હજારો – હજારો આત્માઓ તલસે છે....તડપે છે....વ્યાકુળ હોય છે.

અરે.... જે શાસન પ્રાપ્ત કરવા આંસુ સારે છે તેવું શાસન તમને પ્રાપ્ત થયું....ઉપલબ્ધ થયું....તેની પાછળ તમે કેટલી સાધના....ઉપાસના....આરાધના કરી તે શાસનને તેમ જ તમે વેડફી દેશો.... પ્રમોદમાં જ ખોઈ નાખશો. વિષયોના સુંવાળા સહવાસથી કે તેના રંગભંગથી એવો તો ઉન્માદ જાગ્યો કે હાથમાં આવેલું ચિંતામણિરત્ન

જેમ ગોવાળે ખોઈ નાખ્યું તેમ તમે તો નથી કરતા ને ?... ॥૭॥

॥ ૮ ॥

नो चिंतितं जिनवरागमतत्त्वरत्नं,
संसारवासकवशंवदमानसेन ।
दुष्टात्मना कुटिलकर्मवशानुषंगाद्,
द्वारं मयाप्तमधमेन च रौरवस्य ॥८॥

અહાહા ! સંસારના વાસથી મન તો એવું સંસારને વશ થઈ ગયું કે શું કરું એની વાત ?

પોતાની જાત અને ભાત બંને ભૂલી ગયો છે. પોતાની નિવાસભૂમિ કઈ અને પ્રવાસભૂમિ કઈ તે બંને વિસરી ગયો અને તેની ચિંતામાં જ આગમ તત્ત્વરત્ન પ્રાપ્ત થયું. જીનવર પ્રરુપિત શાસ્ત્ર મળ્યાં. તેનો સ્વાધ્યાય તેનું ચિંતન ન કર્યું.... મંથન ન કર્યું. તેથી કલ્યાણનો માર્ગ મળ્યો નહીં પરમપદનો પંથ પ્રાપ્ત થયો નહીં. કુટિલ કર્મોનો સંચય કરી ગયો અને દુષ્ટ બનેલા આત્માનો એકંદી એવો ઊગ્યો કે તે દુર્ગતિના ઘરે-નરકગતિનો અતિથિ બની ગયો.....॥૮॥

॥ ૯ ॥

लब्धं त्वया मनुजजन्मसु पुण्ययोगात्,
स्वोद्धारकारणमिदं जिनधर्मरत्नम् ।
त्यक्त्वा प्रमादमधुना जिनदेवमेनं,
संस्थापय स्वहृदये सततं विवेकिन् ॥९॥

વિવેકીન્ ! કેટલું સુંદર ઉદ્બોધન હે આત્મા, તારું ! તારી પાસે વિવેક આવ્યો છે. તેની શક્તિ જ અનોખી, સારું-નરસું, લાભ-હાનિ, આશ્રવ-સંવર બંને પક્ષો વિચારવાની ગતિ સૂઝે છે. એની નજર જો કે બહારના પદાર્થો પર ફરતી હોય છે. પણ એ બહારના પદાર્થોના રૂપ, રંગ અને દેખાવ જોઈને માણસ કિંમત આંકે તો સમજવું કે હજી એની પાસે વિવેકશક્તિ પ્રગટ થઈ નથી. આ વિવેકની વિલક્ષણ નજરથી જોતાં તને જ્ઞાન થશે. મળેલો માનવ અવતાર કેટલા પુણ્યયોગથી પામ્યો અને સ્વઉદ્ધારના કારણ સમું જીનધર્મરત્ન પામ્યો. તો હવે પ્રમાદનો પરિહાર તો કર....ભલે ઉદ્ધાર કરનાર ન મળ્યો. ત્યાં સુધી પ્રમાદ કર્યો. પણ હવે તો એક ક્ષણનો પ્રમાદ ન કર અને તે ઉદ્ધારકને જ તારા હૃદયના હાર બનાવ. દિલના દેવ બનાવ. પછી જોજે એ પ્રભુનો મહાત્મ્ય ચમત્કાર.... ॥૯॥

"જિનેશ્વરને જ જિગરની જાગીર બનાવ."...

॥ ૧૦ ॥

**भुवनतिलकाख्येन गुरोरनुग्रहेण च।**
**लब्धिसूरेः प्रसत्या च, दब्धं तु रम्यमष्टकम् ॥१०॥**

ગુરુદેવની કૃપા કટાક્ષ વિના, અનુગ્રહ ગ્રહણ વિના કયું કામ શક્ય છે ? ગુરુદેવ શ્રી લબ્ધિ પદ લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબની કૃપાથી મેં ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ સાહેબ અષ્ટક રચ્યું છે.....॥૧૦॥

## २. परभावपरिहाराष्टकम्

॥ १ ॥

मुक्त्वा समस्तविषयं मृगयस्व धर्मं,
अक्षप्रजन्यमखिलं परतः प्रलब्धम् ।
यत्नेन भूरिपरिचिंतनतोऽघवृत्त्या,
आशानलेन परितप्तकुमानवेन ॥१॥

પૂરા વિશ્વમાં બાહ્ય હવામાનમાં ફેલાયેલાં પ્રદૂષણોનું બુમરાણ મચી ગયું છે. પણ આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે પેલાં ભીતરી પ્રદૂષણોની સામે કોઈ અવાજ ઉઠાવતું નથી. માનવ તારા જીવનમાં દૂષણ તો નથી પેઠું !....અરે આ વિષથી પણ ભયંકર વિષયોએ તો તારા અંગઅંગમાં અડ્ડો જમાવ્યો છે. ઉધારથી લાવેલા ઇન્દ્રિયજન્ય સુખથી શું તારો ઉદ્ધાર થવાનો છે ? જે તારા હતા નહીં, છે નહીં અને થવાના નથી; તેને તારા બનાવવા તેં કેટલા પ્રયત્નો કર્યા ! પાપવૃત્તિઓનાં પ્રદૂષણો પૂરા જીવનમાં

કાતિલ સ્વરૂપે વ્યાપ્યા: આ વૃત્તિપ્રવૃત્તિથી સુખ મળશે, સુખ મળશે. આ આશાના અગ્નિમાં તું શેકાતો ગયો પરિતપ્ત બનતો ગયો. માટે હવે તો ધર્મને શોધ....
ધર્મને મેળવ....॥૧॥

॥ २ ॥

मोहांधकारवशतः प्रगतं शिशुत्वं,
नष्टं युवत्वमपि कामविचाररंगात् ।
वृद्धत्वमप्यमितकुत्सितचिन्तया च,
संप्राप्य जन्म मनुजस्य च हारितं हा ॥२॥

જો જે આ તારું મનુષ્યજીવન કેવી રીતે વ્યથિત થઈ ગયું. આ મોંઘેરું આયુષ્ય ધર્મની સાધના વિના વ્યર્થ ચાલી જશે. તું બીજાનાં આયુષ્યો. બીજાની અવસ્થાઓ કેમ ચાલી ગઈ તે તો જાણે છે ને ? મોહાંધકારમાં પડેલો પોતાનો શૈશવ, વૈભવ, તો એમ જ ખેલ રમતમાં વિતાવી દીધો, અને શક્તિના નિધાન સ્વરૂપ યૌવનને કામભોગમાં ખોઈ દીધું અને રસ નીકળ્યા પછી શેરડીના કૂચા સમાન વૃદ્ધાવસ્થા તો બસ અમિત ખરાબ ચિંતાઓમાં જ પૂરી થઈ ગઈ...આ છે તારા જીવનનું સરવૈયું, તારા જીવનનો હિસાબ-કિતાબ. તું જ કહીશ કે મનુષ્ય જન્મતો એમ જ હારી ગયો...વ્યર્થ ગુમાવી દીધો મો = એટલે મોક્ષભાવ. હ એટલે હું...મોક્ષભાવને હણે તે, મોહ, આ મોહ તે, અંધકાર છે... ॥૨॥

॥ ३ ॥

सत्साधुसंगरहितं जननं निरर्थं,
संस्कारनीररहितं गुणरत्नरिक्तम् ।
श्लाघ्यं सुधर्मकृतितो भवति स्वजन्म
तस्मात्तु धर्ममतुलं सततं विधत्ताम् ॥ ॥३॥

સાચા સાધુઓનો સંગ તો પારસમણિથી ચઢિયાતો છે. પારસમણિ તો લોખંડને સોનું બનાવે, પણ સાધુ-મહાત્માઓનો સંગ સાધુ-મહાત્મા જેવો બનાવી દે.... આવા સાધુપુરુષનો સત્સંગ કર્યો. સંસ્કારના નીરથી રહિત, ગુણરત્નોથી ખાલી રહ્યો તો તો તારો જન્મ એળે જશે. સુધર્મની કૃતિ વડે તારો મોંઘેરો અવતાર સફળ થઈ જાય.... પ્રશસ્ય બની જાય, માટે નિરંતર ધર્મસાધના કર........ આરાધનામાં લાગી જા.... ॥૩॥

॥ ४ ॥

काचोऽपि रत्नतुलनां दधते सुसंगात्,
राज्ञ्या वपुः परिहिताभरणस्थितोऽयम् ।
जाड्याङ्कितोऽपि शुभपंडितताविहीनः,
विद्वान् सुबुद्धिविकलोऽपि भवेत्सुसंगात् ॥४॥

કાચ, જે લોકોના પગેથી ઠોકર ખાતો હતો, લોકો તેને 'નો વેલ્યૂ' ગણીને ઉકરડા ભેગો કરી દેતા હતા,

તે કાચે વિચાર્યું, કેવી મારી દયામણી દશા....વિચિત્ર અવસ્થા.... ત્યાં તો કોઈ સોનીએ તેને સોનાના આભૂષણનો સંગ કરાવ્યો. અને તે આભૂષણો રાણીના શરીરને શોભાવે તેવા સુંવાળા બનાવી દીધા. પેલા કાચનું સોનાના સંગે, સોનાની સોબતે તેને રત્નતુલ્યમૂલ્ય કરી દીધું. પેલા બુદ્ધિથી જડ, પંડિતાઈથી રહિત, સદ્બુદ્ધિથી રહિત પણ સત્સંગથી વિશ્વવિશ્રુત, વિદ્વાન બની ગયા છે.

સત્સંગનો મહિમા....॥૪॥

॥ ५ ॥

हिंसाकरः प्रचुरजंतुसमूहकस्य,
क्रोधप्ररक्तहृदयो बहुविह्वलोऽपि,
दुष्टोऽतिनिन्द्यवृजिनैः परिसंवृत्तोऽपि,
सत्संगतस्तरति सोऽपि भवांबुराशेः ॥५॥

અહા ! સત્સંગમાં કેવો ચમત્કાર છે.... કેવો મહિમા છે. મામૂલી માનવને મહાપુરુષ બનાવી દે છે.

પામરને પરમ બનાવી દે છે.... નરને નારાયણ બનાવી દે છે. જો પેલા દૃઢપ્રહારી જેવા પ્રતિદિન હિંસાની હુતાસની ખેલતા હતા, તેવા ખૂનીને મુનિ બનાવ્યા. અર્જુનમાલી જેવા હત્યારાને સત્સંગે કેવા ત્યાગી.... વિરાગી અને વિતરાગી બનાવી દીધા.... આવા ઇતિહાસની ઇમારતમાં અનેક મહાપુરુષો છે. જે સત્સંગના પ્રભાવથી–પ્રતાપથી સંસાર–સાગરને પાર કરી ગયા... ॥૫॥

॥ ६ ॥

विश्वे भ्रमन्ति सततं निजलक्ष्यहीनाः,
जीवा अनेकगतिके निजकर्मबन्धात् ।
कर्मप्रणोदितविभावविचारचक्राः,
तान्मोचयत्यविरतं जिनधर्म एव ॥६॥

વિશ્વના વિશાળ ફલક ઉપર જરા દૃષ્ટિપાત કરો તો માલૂમ પડશે.... કે....જીવો ભટકે છે.....ભ્રમણ કરે છે. તેમાં તે કાર્ય સફળ ન થયું તો તેનું લક્ષ્ય જ શું છે તે માલૂમ નથી.... સાધના-આરાધનામાં પણ ક્યારેક તેનું લક્ષ ચૂકી જવાય છે. ત્યારે તેની દશા એવી થાય છે કે! ‘લે ને ગયે પૂત ખો આઈ ખાવિંદ’ લક્ષ્યભ્રષ્ટ જીવ પુનઃ પુનઃ પોતાના કર્મથી બંધાયેલો ગતિઓમાં ભટકયા કરે છે.... આ કર્મપ્રેરિત વિભાવ વિચાર ચક્રમાં ફસાયેલા-પૂરાયેલા જીવને મુક્ત કરનારો એક જ જીનધર્મ છે.... ॥૬॥

॥ ७ ॥

रे चित्त ! चिन्तय सदा जिनधर्मतत्त्वं,
तत्त्वेन भाति सकलं हितमात्मनस्ते ।
श्रेयोऽध्वगो भव यदीच्छसि मुक्तिधाम,
श्लाघ्या तु मुक्तिपदवी सुधिया प्रलभ्या ॥७॥

ચિંતાની ચિતામાં જલતા જીવ જરા વિચાર કર. આ ચિંતાના ચક્રે શુદ્ધ-શુભ-શુભ્ર....ભવને રોલી નાખ્યો. માટે આ ટેન્શનનો મેટીશન એક જ છે.

ચિન્તન-શુભચિન્તન...ઈલાચીકુમારને મુનિની નિર્વિકાર ભાવના ચિન્તનમાંથી પ્રગટેલા ડિવાઈન ફાયેર....મોહનીય કર્મને બાળી નાખ્યું. પેલા ચિલાતીપુત્ર સુષમાને મનની મહારાણી માનનારને મુનિએ આપેલા ત્રણપદના ચિંતને મુક્તિનો માર્ગ બતાવ્યો. આ ચિંતનથી-હેય-જ્ઞેય-ઉપાદેય જાણી લે. મુક્તિને મેળવવાનો મનોરથ છે. તો જિનધર્મના તત્ત્વનું ચિંતન કરતો રહેજે....॥૭॥

॥ ૮ ॥

धर्मार्थलेशरहिताः परदुःखतृप्ता,
दुष्टा जनाः परजनान्परिपीडयंति ।
हित्वा निजार्थमपि ये च परोपकारं,
कुर्वन्ति धन्य-जनना जिनसाधवश्च ॥८॥

ધર્મને કરતાં જ નથી. બીજાઓના દુઃખને જોઈને તૃપ્ત, બીજાઓને પીડા પહોંચાડનાર આવા દુષ્ટજનો હોય છે. પૃથ્વી કહે છે, "મને મેરુ પર્વત જેવા મોટા મોટા પર્વતોનો ભાર નથી લાગતો. પણ આવા દુષ્ટજનોનો જ ભાર લાગે છે, જ્યારે પેલા સ્વયંની સાધનામાં સદાશક્ત પરોપકાર પરાયણ અને મળેલા મહામૂલ્ય માનવ-જન્મને સાર્થક કરવા કટિબદ્ધ બનેલા મહામુનિ તો મારા માટે ભૂષણ રૂપ છે એમ પૃથ્વી કહે છે.... ॥૮॥

## ३. ममत्वत्यागाष्टकम्

॥ १ ॥

जडेषु रक्तो विषयेषु सक्तः,
क्लिष्टः कषायैर्विपरीतबुद्धिः ।
मिथ्यातमोऽन्धः कुविचारबद्धः,
स्वस्थं निधिं पश्यति नैव मूढः ॥१॥

પુદ્ગલમાં, વિષયોમાં આસક્ત કષાયોથી ક્લિષ્ટ બનેલો વિપરીત બુદ્ધિ અને મિથ્યાત્વ તિમિરથી અંધ બનેલા દુર્વિચારોથી બદ્ધ બનેલો મૂઢ કેટલો બોધક શબ્દ છે, મૂઢ અજ્ઞાન અને મુઢમાં ફરક છે. મૂઢ અજ્ઞાની જાણતા ન હોવાથી નહીં છોડે તે અજ્ઞાની, જાણવા છતાં સંસારના પદાર્થોથી મોહાંધ થયેલો મૂઢ પોતાનામાં રહેલો અનંતસુખનો નિધિ જોઈ શકતો નથી. ॥૧॥

॥ २ ॥

सुदुर्लभं कोटिभवैर्भवाब्धौ,
सुमानुषं जन्म हहा विमूढः ।
लब्ध्वा प्रमादैर्विफलं करोति,
हस्ताद् गतं रत्नमिवावपाति ॥२॥

પેલા મરજીવાઓ તો જુઓ, કેવો પ્રબળ પ્રયત્ન કરે છે ! મરણને પણ તુચ્છ લેખી.... તેનાથી મહાન રત્નોને લેવા સાગરના પેટાળમાં જાય છે અને ઘણા ઘણા પ્રયત્ને એક-બે રત્નો લાધે છે. પણ દુર્ભાગ્યવશ હાથમાં આવેલા રત્નને ખોઈ બેસે તો તેને કેટલો પસ્તાવો, દુઃખ દર્દ થાય....

પણ તમને તો મહાનથી મહાન રત્ન કરોડો ભવોમાં દુર્લભ માનવ ભવનું મળી ગયું. તેને પ્રમાદથી, કષાયથી, વિષયથી હાથમાંથી ખોઈ નાખ્યું; તો દુઃખ, દર્દ, પસ્તાવો નહીં થાય ?.... જરૂરથી થશે. માટે પાણી પહેલાં પાળ બાંધો. ॥૨॥

॥ ३ ॥

देहे च गेहे धनधान्यकोशे,
ममत्वभावो भवहेतुरेव ।
ततः प्रयत्नः सुधिया तु कार्यः,
निजात्मभावे स्वगुणस्य सिद्ध्यै ॥३॥

કરોળિયાને જોયો હશે! એ કેવું આશ્ચર્યકારી અફસોસકારી.... જીવનાંતકારી કામ કરે છે. પોતે જ પોતાના માટે પ્રબળ પરિશ્રમે જાળ બનાવે છે અને તેજ જાળમાં પુરાઈ–ફસાઈ મરણ પામે છે. જે શરણુ માટે બનાવી તે જ મરણુ માટે બની. આ જ રીતે માનવી દેહ, ગેહ, ધન, ધાન્ય, જીવન, સાધન માટે જ એકલું અર્જન નહીં કર્યું પણુ તે તો તારક છે.... ઉપકારક છે.... ત્રાણુ છે...પ્રાણુ છે...આવી મૂર્છા....મમતા...આસક્તિ કરી... તે દેહ.... ગેહ....ધન....ધાન્યની મમતા ભવ પરંપરાની હેતુ બની માટે જ આ મમતા ભાવને દૂર કરી સમતા ભાવ, તો તે શિવસુખનો મોક્ષમાર્ગનો હેતુ બને છે. ।।૩।।

॥ ૪ ॥

मोक्षाभिलाषी खलु पापभीरुः,
धावेत्स्थले पापगणातिदूरे ।
त्यजेत्स पापं विषवत्सदैव,
करोतु पुण्यं सबलं जिनोक्तम् ।।४।।

તાપથી તપ્ત થયેલો માનવ છાયા લેવા ઘેઘુર વડલાનો આશ્રય કરે છે.... અરે તૃષાતુર.... તૃષા છિપાવવા જલપાન કરે છે. તો પછી પેલો મોક્ષાભિલાષી પાપ–તાપથી પરિતપ્ત અને તૃષાતુર શું ખારા ઝેર પાપ-તાપથી બચવા જિનપ્રણિત પુણ્ય–છાયા પ્રદાતા ઘેઘુર વડલારૂપ શાસનનો આશ્રય ન કરે? જરૂર કરે....આ જિનના બતાવેલા પુણ્યનો સંચય જ કર્મનો ચય અને મોક્ષનો પરિચય (સહવાસ) કરાવશે....।।૪।।

॥ ५ ॥

वित्तं सुपात्रगमथ स्थिरतामुपैति,
धर्मादिपात्रवपनाच्छुभभावनाभिः ।
दानाय वित्तमुदितं किल बुद्धिमद्भिः,
तस्माद् व्ययं कुरु धनस्य सुपात्रयोगे ॥५॥

લક્ષ્મી તો ચંચળ છે.... ચપળ છે. પણ બુદ્ધિમાન પુરુષોએ આવી ચંચળ અને ચપળ લક્ષ્મીને સ્થિર બનાવવાની એક કલા દુનિયાને દેખાડી છે. અને તે સુપાત્રમાં લક્ષ્મીનો વિનિયોગ, પાપાત, ત્રાયતે ઇતિ પાત્ર=જે પાપથી રક્ષણ કરે તે પાત્ર...અને તેમાં પણ ઉત્તમ પાત્ર તે સુપાત્ર. તેમાં શુભ ભાવનાથી એટલે દાનેશ્વરીની છાયા કે કીર્તિની કામના, નામની તક્તિથી નહીં પણ ધનની મૂર્છા ઉતારવાની... પરિગ્રહની પનોતી ઉતારવાની બુદ્ધિથી અપાતું દાન. તે દાનદ્વાર તો લક્ષ્મીના સ્વભાવને બદલી દે છે! ચંચળતા ને ચપળતાને દૂર કરે છે. દેવામાં આનંદ, ઉલ્લાસ અને સંતોષ છે. જ્યારે છોડી જવામાં નિરાશા છે, પીડા છે અને વ્યાકુળતા છે.

લક્ષ્મીને સુપાત્રમાં વપન કરે છે તે ઉત્તમ.
,, ગાત્રમાં વાપરે છે તે મધ્યમ.
,, ખાત્રમાં (નીચે) સત્કાર્ય કર્યા વિના દાટે છે તે અધમ.

સુપાત્રમાં ધનનો વ્યય કરવો એ જ ઉત્તમ કાર્ય છે. ॥૫॥

॥६॥

क्रोधोऽधमः सुमतिबोधविरोधकोऽयं,
ज्ञात्वेति धर्मगुणकक्षविदाहकत्वात् ।
जेयः प्रशान्तरसमेघविवर्षणेन,
क्रोधक्षये भवति मोक्षसुखं प्रवश्यम् ॥६॥

દુનિયામાં શસ્ત્રો અનેક પ્રકારે હોય છે. કિન્તુ વિજ્ઞાને એવાં રસાયણ શસ્ત્રો બનાવ્યાં છે. કોઈ બુદ્ધિ પર.... કોઈ પવન–પાણી–પ્રકાશ પર ઘેરી અસર કરે છે. ક્રોધ પણ એક રાસાયણિક શસ્ત્ર છે, જે મતિ પર એવી માઠી અસર કરે છે, જેથી સદ્બુદ્ધિ નષ્ટ થઈ જાય છે. માટે એક ચિંતકે કહ્યું છે :

"Angel deprives the may of his Angel of wisdom" ક્રોધ એ ડહાપણની દૃષ્ટિમાંથી મનુષ્યને ભ્રષ્ટ કરે છે અને તમે ખિલાવેલો ધર્મ અને ગુણની વનરાજીને બાળી નાખે છે.... માટે તેને જીતવા અથવા તે રાસાયણિક શસ્ત્રથી બચવા પ્રશમરસનો મેઘ વરસાવો તો જ શિવસુખની કલ્પવેલડી વિકસશે.... ક્રોધનો ક્ષય એટલે શિવસુખનો જય....॥૬॥

॥૭॥

यथा हि दावानलदग्धकाष्ठं,
श्यामं भवेत्त्याज्यमतीव गर्ह्यम् ।
तथैव कोपानलदग्धजीवो,
गुणैर्विहीनोऽटति संसृतौ वै ॥७॥

કેટલાક સુંદર–શોભનીક ઇમારતી–ફરનિચરીયમય લાકડાઓ હોય પણ તે અગ્નિથી બળીને કાળા શ્યામ થઈ ગયા હોય તો જોવા શું ગમે? હાથમાં લેવાય ન ગમે.... પછી ઘરમાં સંઘરવાની તો વાત ક્યાં રહી? કોપાનલથી દગ્ધ થયેલો જીવ, ગુણોને–સંસ્કારોને પણ સાથે બાળી નાખે છે. પછી એની કિંમત કેટલી? કોડીની....પછી સંસારમાં રખડયા ભમ્યા જ કરે છે. પરંતુ ચાલુ ભવમાંય કોઈ સારો જીવનસાથી-સંગાથી કે સહાયક નથી મળતો....॥૭॥

॥ ८ ॥

अनात्मभावैर्विकलो विलुब्धो,
भिदाचिदाढ्यो बहिरात्मभावम् ।
अनात्मभावे रमते ह्यविद्यः,
भित्त्वा निजस्वं लभते गुणाढ्यः ॥८॥

દીપક અંદર કેટલોય પ્રકાશમય–જ્યોતિર્મય હોય, પણ તેના પર રહેલી ચિમની કાળી મેશ હોય તો બધું જ કાળું દેખાય....ઉજ્વલ જ્યોત પણ કાળી શ્યામ દેખાય. આવી જ રીતે પરભાવની, જડભાવની અનાત્મભાવની ઉજાશને.... જોઈ કે જાણી શકતા નથી. તો અજ્ઞાનની ચિમની ઉતારી જ્ઞાનજ્યોત....ગુણપ્રકાશ....સુખ, ઉજાશને જોવાનો પ્રયત્ન કરો તો.... આજે નહીં તો કાલે ....કાલે નહીં તો પરમદિવસે જરૂર તે દેખાશે. ॥૮॥

## ४. सुकृतलाभाष्टकम्

॥ १ ॥

दुःखस्य नाशं यदि कर्त्तुमिच्छेः,
स्वस्थं च सौख्यस्य निधिं चिकीर्षेः ।
तदा कुरु त्वं सुकृतं जिनोक्तं,
न स्यात्कदा दुःखमिहान्यकाले ॥१॥

ભૌતિક વિજ્ઞાન કહે છે, સાગરની અંદર નીચે એટલું સોનું અને રત્ન છે. જો તેને બહાર કાઢવામાં આવે તો દુનિયામાં દીનતાનું નામનિશાન ન રહે. તેવી જ રીતે આત્મ-વિજ્ઞાન કહે છે કે, આત્માના ખજાનામાં એટલી સંપત્તિ છે; તેને કાઢવામાં આવે, પ્રગટ કરવામાં આવે તો આત્માનું કાયમ દારિદ્ર નાશ પામી જાય. પણ તે પ્રગટ કરવાની ક્રિયા જિનોક્ત સુકૃત છે. આવા સુકૃત તમને કોલ આપીને જાય છે કે, તમને દુઃખ તો શું દુઃખનો પડછાયો પણ ક્યારેય નહીં આવે. માટે જ આજથી સુકૃતનો સંચય કરતા જાવ....॥૧॥

॥ २ ॥

चित्तेन चिन्त्यं न परस्य दुःखं,
पीडा न कार्या वचसा परस्य ।
कायेन दुःखं न परस्य देयं,
त्रिधा तु शुद्धिर्मनुजैर्विधेया ॥२॥

ચિત્રકારના હાથમાં રંગ...પીંછી ને કલા મૂકી છે. પોતાનું મન માનેલું કલ્પેલું સોનેરી સ્વપ્ન, સારું ચિત્ર સર્જન કરવા માટે...તમને તમારા હાથમાં હજારો રૂપિયા ખર્ચે ન મળે તેવું મહામૂલું મન....સુદયામય શરીર...સુંદર ભાવો વ્યક્ત કરતી વાણી...મૂકયા છે. તમારું જીવનલક્ષ સાધી શકો એ માટે એમનો છૂટથી ઉપયોગ કરો. કારણ એ તમારા છે....એમાં કંજૂસાઈ ન રાખો. ભલે કિંમતી.... આકર્ષક....મનમોહક.... હોય પણ તે સાધનો છે. પીંછી લઈને–ચિતરવાનું છે, નહીં કે મોહ નહીં રાખતા તેના દ્વારા સર્વનું કલ્યાણ કરવાનું....

પણ....

ચિત્તથી ચિંતન નહીં કરવાનું, બીજાને દુઃખ આપવાનું, વચન વડે બીજાઓના મર્મઘાતક કે પ્રાણનાશક ના બનાય....

કાયાથી પરને પીડાકારક ન થવાય એ ખ્યાલ રાખીને ત્રણ પ્રકારની શુદ્ધિ.... બુદ્ધિ.... સિદ્ધિ... પ્રાપ્ત કરવી જોઈએ ॥૨॥

॥ ३ ॥

त्याज्ये उभे वै खलु पुण्यपापे,
कर्मप्रभावादुभयोर्विलब्धिः ।
तथापि पुण्यं कुशलानुबन्धि,
मोक्षस्य हेतुर्गदितं श्रुतज्ञैः ॥३॥

બધાને જ જાત અનુભવ છે કે, કોઈ પણ જાતનો કાંટો, ભલે તે પછી ગુલાબના ફૂલનો કે બાવળિયાના શૂળનો હોય, પરંતુ તે કાઢ્યા વિના ચેન પડે નહીં. કિન્તુ શાંતિ થાય નહીં...કિન્તુ તે કાંટાને કાઢવા અણીદાર સશક્ત બીજા કાંટાની આવશ્યકતા છે. સંસારના સમસ્ત જીવોને પુણ્ય અને પાપ કર્મના કાંટા એવા તો ભોંકાયા છે, તે કાંટાઓને નિકાળવા શ્રુતજ્ઞોએ કામણગારો કુશલાનુબંધી પુણ્યકર્મનો કાંટો બતાવ્યો છે.

॥ ४ ॥

संपूर्णकर्मक्षयतो भवेद्धि,
मोक्षस्तु जीवस्य भवांबुराशेः ।
ज्ञेयश्च नीत्या जलतुंबिकायाः,
उर्ध्वाग्रभाजी भवति प्रशुद्धः ॥४॥

સરિતામાં સહેલ કરતી તુંબિકા જોઈ હશે ? કેવી મસ્ત બનીને તરી રહી છે ! પણ તે જ તુંબિકા ઉપર માટીનો લેપ કરવામાં આવે તો તે લેપનો ભાર તેને ડુબાડી દે છે.

બસ, આ જીવ તુંબિકા પણ સંસારસાગરમાં ડૂબી ગઈ છે. કારણ તેના ઉપર કર્મોનો, દ્રવ્ય કર્મોનો અને રાગાદિ રૂપ ભાવ કર્મોનો લેપ છે. આ લેપનો જ્ઞાન-ધ્યાન, તપ-ત્યાગ દ્વારા સંપૂર્ણ નાશ કરવામાં આવશે; ત્યારે તે જીવ તરવા માંડશે. ઊર્ધ્વગામી બનશે અને સિદ્ધ-બુદ્ધ-શુદ્ધ બની મોક્ષની મઝા માનવા લાગશે.

તમે સાગરમાં તરતી તુંબિકા જોઈ હશે ? એ ક્યારે તરે છે ? એના ઉપર જ્યાં સુધી લેપોનો ભાર હતો ત્યાં સુધી તો ડૂબેલી રહી હતી... બસ જીવ-તુંબિકા ઉપર એવા તો અષ્ટકર્મના ભારેખમ લેપ લાગ્યા છે; જેથી સંસાર-સમુદ્રમાં ડૂબી ગઈ છે. પરંતુ તે જીવને ઊંચે ઉપર જવું હોય તો તે લેપથી મુક્ત થવું જોઈએ. પછી સિદ્ધ...બુદ્ધ... શુદ્ધ...બની મોક્ષ મહેલમાં સદા મઝા માનતા રહો....॥૪॥

॥ ५ ॥

कर्मक्षयः स्यात्तपसा दमेन,
सुसंयमेनात्मविशुद्धितो वै ।
भवाब्धिनौका जिनशासनस्य,
सम्यक्तयाऽऽराधनतो विशिष्टात् ॥५॥

તમે જાણો છો ને ? પેલી સુવર્ણની ઉત્પત્તિ...માટી અને સુવર્ણને જુદા કરવા કેટલો સખત પરિશ્રમ કરવો પડે છે... તો તમારા ઉપર લાગેલો કર્મોનો કચરો દૂર

કરવાનો છે. માટે કેટકેટલું તપ અને ઈન્દ્રિયદમન કરવું પડશે તે વિચાર્યું છે! જીનશાસનની નૌકા ગ્રહણ કરો જેથી સમ્યક્આરાધનથી કર્મક્ષય જલ્દી થઈ જશે... ॥૫॥

॥ ६ ॥

आस्वादतेऽनंतसुखं च जीवः,
मोक्षास्पदेऽबाध्यसदास्थितित्वात् ।
अनंतकाले न विपर्ययोऽस्ति,
स्वरूपसंस्थस्य शिवात्मनोऽस्य ॥६॥

મોક્ષમહેલનો માલિક બનેલો આતમ... અનંત... અનંત સુખનો આસ્વાદ કરે છે... અનંત અનંત કાલ સુધી ત્યાં જ વાસ કરે છે. સ્વરૂપસ્થ પણ અનંત કાલ તક રહે છે. એમાં વિકાર...વિપર્યય...વિભાવ ભાવને પામતો નથી... કેવું સુંદર શિવસદન છે. જવાનું મન થાય છે ને...તો આજે જ મુક્તિમહેલના મંઝિલના મુસાફીર બનો. ॥૬॥

॥ ७ ॥

मनोविकल्पेन विचित्रकर्म,
बध्नाति जीवो निजचित्रभावात् ।
शुभाशुभं दुःखसुखस्य हेतु-,
मतो भ्रमत्येव भवेऽशरण्यः ॥७॥

॥ ८ ॥

अधोगतावूर्ध्वगतौ च जीवः,
गच्छत्यवश्यं निजकर्मबन्धैः ।
यावत्तु कर्मप्रवशश्च जीवः,
तावत्तु तस्य भ्रमणं भवेद्धि ॥८॥

તમને ખબર છે ને ? કોઇ પણ વસ્તુ ખરીદવી હોય તો તરત જ ભાવ પૂછો છો ? કોઈને ત્યાં મહેમાન બનો છો તો ભાવ જુઓ છો... તો તો પછી કર્મબંધનમાં શું ભાવ નહીં જુઓ ? માટે મનના કુવિકલ્પો રૂપી જાળ તને કર્મના પંજામાં ફસાવી સુખદુઃખનો હેતુ બની ભવમાં ભમાવ્યા જ કરશે. અશરણ બનાવી ક્યાં ક્યાં નહીં ભમાવે... ઊંચે...નીચે...અત્ર...તત્ર...સર્વત્ર માટે તેના પંજામાંથી છૂટવા આજે જ કમ્મર કસો......

ઊભા થાવ...... પ્રમાદનો પરિહાર કરો...... ॥૭+૮॥

# ५. विषयपरित्यागाष्टकम्

॥ १ ॥

पंचेन्द्रियाणां विषयेषु लग्नः,
भ्रान्त्या सुखं संमनुतेऽत्र जीवः ।
सुखं क्षणं तत्र न वास्तवं तत्,
दुःखस्य मूलं कथितं सुधीभिः ॥१॥

ખરજવું થયેલા રોગીને જોયો હશે... તેને ચળ ઉપજે છે ને તે ખજવાળતા મઝા આવે છે. સુખ લાગે છે. કિન્તુ ક્ષણિક....જ્યાં ખજવાળ પૂરી થતાં એવું લોહી ઉભરાઈ આવે છે, દર્દભરી વેદના ઉભરાય છે કે મોટી મોટી બૂમો પાડે છે. આ વાત વાંચી મૂર્ખતા જણાય છે, રોગીની... પરન્તુ આ તો જ્યાં લગી રોગ ત્યાં લગી...તમને તો પંચેન્દ્રિયના વિષયભોગની ખજવાળ ઊભી થાય છે અને

તમે ખણુવા માંડો તો, એક એક ઇન્દ્રિયની ખજવાળ મૃત્યુ આપે છે. તો પાંચ....પાંચ ઇન્દ્રિયોના વિષયભોગ કેટકેટલા મૃત્યુની ભેટ આપશે ..કદી વિચાર્યું !

॥ २ ॥

भोगैश्च रोगाः प्रकटीभवन्ति,
त्याज्याश्च भोगा भुजगोपमानाः ।
ज्ञेयाः प्रभुक्ता विपदां निवासाः,
अपि स्मृताः सञ्ज्वलयन्ति चेतः ॥२॥

રોગનું નામ સાંભળો અને જાણે વેદના ન ઉભરાતી હોય તેવું દુઃખ થાય છે. તો રોગ આવે તો શું...શું ન થાય ? આવો કર્મનો કાતિલ...ક્રૂર રોગ આતમને લાગ્યો છે. ક્યારે ? ખબર છે ? જ્યારે...જ્યારે ભોગનો રોગ થાય ત્યારે. માટે જેમ બને તેમ જલ્દી તે ભોગોને છોડી દો. આ ભોગો તો એવા છે. એની સ્મૃતિ–મૃતિને (મરણ) આપી દેશે. જે ભોગના સ્મરણથી જ મરણને પામેલા ઘણાં દષ્ટાંતો શાસ્ત્રમાં આવે છે.... અહાહા...કેવા છે નિષ્ઠુર ભોગો !

॥ ३ ॥

भवेषु दुःखौघसुपूरितेषु,
पुण्यप्रभावात्परितो भ्रमित्वा ।
लब्धं मनुष्यस्य तु जन्म चोच्चं,
पञ्चाक्षसामर्थ्यसुबुद्धिजुष्टम् ॥३॥

॥ ४ ॥

आर्ये च देशे सुकुलस्य मध्ये,
संस्कारपुष्टे जिनधर्मवासे ।
सुदेवसद्धर्मगुरुप्रसिद्धे,
नृजन्म लब्धं सुकृतैरपूर्वैः ॥४॥

જે ભવવનમાં દુઃખનો દવ લાગેલો હોય... વેદનાનાં વન્ય પશુઓ વાસ કરતા હોય...વ્યથાના વ્યાલો જ્યાં ઝેર ઓકતા હોય...આવા દુઃખ ભરપૂર ભાવમાં થોડી પણ અનુકૂળતા મળતી હોય તો તે પુણ્ય-પ્રસાદી સમજવી. જ્યાં સુદુર્લભ માનવજન્મ, પંચેન્દ્રિયની પટુતા અને બુદ્ધિ પણ સુબુદ્ધિ મળે .. આર્યભૂમિ, સંસ્કારવાન કુટુંબ, સુકુલ જન્મ અને જિનકથિત ધર્મ પ્રાપ્ત થવો...આ બધી અનુકૂળતાઓ પ્રાપ્ત કરવા કેટકેટલા પુણ્યનો પ્રસાદ પ્રાપ્ત કરવો પડ્યો હશે! તેની પાછળ કેટકેટલા ભવોના પ્રયત્નો પછી સફળતા મળી હશે? જરા ગણિત તો મૂકો, પછી તેનો ઉપયોગ કેમ કરવો...તે તો વિચારો...જરા તસ્દી તો લો વિચારવાની ॥૩+૪॥

॥ ५ ॥

तत्त्वं तु चिन्त्यं निजभावसिद्ध्यै,
कस्त्वं कथं वाऽत्र कुतः समागाः ।
लब्ध्वा तु जन्म स्फुरितात्मबुद्ध्या
कुत्रासि गन्तेति भवादमुष्मात् ॥५॥

આખાય જગતનું વિશ્લેષણ ચિંતન કરનાર માનવ ! કેટલી તારી નિર્બળતા તે તારા પોતાના સ્વરૂપનો વિચાર જ ન કર્યો, કેટલો અફસોસ ! જગતને જાણનાર પોતાને જાણી શકતો નથી. એક શાયરે ઠીક જ કહ્યું છે કે :

इतना भी नहीं सोचते, हम कौन है ? क्या है ?
इन्सान को इन्सान की पहचान नहीं हैं !

જીવને જાણે તે શિવને જાણે, જીવની જાણકારી વિના શિવની જાણકારી થતી નથી......

खुदकी जिसको खबर नहीं
वह शख्स खुदा को क्या जाणे !

માટે આજથી અધ્યાત્મ યોગની ભૂમિકા હું કોણ ? ક્યાંથી આવ્યો ? જીવનું સાર્થક શું ? ક્યાં જવાનું છે ? આટલું તો ચિંતન કરો ! ॥૫॥

॥ ६ ॥

गतजन्मतो वै भवेऽत्र चैकः,
समागतोऽसि प्रबलैश्च पुण्यैः ।
एको हि गंता परलोकमार्गे,
यथाकृतं कर्म फलत्यवश्यम् ॥६॥

॥ ૭ ॥

भवेत्सुखी सोऽन्यभवे तु नित्यं,
पाथेयमस्ति प्रबलं तु यस्य ।
जिनोक्तधर्माचरणेन यत्स्यात्,
पुण्यं पवित्रं तु विदंतु नित्यम् ॥७॥

રે માનવ ! સગાંસંબંધી–સ્વજનનોના સહારે મને સુખ–દુઃખ મળે છે, એમ જ તું માને છે ને? માટે તેની સાથે રહેવા...ખાવા તેના માટે પૈસા ભેગા કરવા. આ બધા કઠિન પ્રયત્ન કરે છે ને! પણ વિચાર તો ખરો કે તું અહીં આ જ કુટુંબમાં કેમ આવ્યો? બધા સાથે કેમ ન આવ્યા? આ બધા પ્રશ્નો જ આપણી પૂર્વભવની કરણીનું ફળ-દર્શન કરાવે છે....

ચાલો, હવે થોડો દીર્ઘ વિચાર કરીએ...અહીંથી જવાનું એકલાને જ ત્યાં ફળ પણ અહીંની કરણીનું જ મળવાનું ને... પરભવનું પાથેય લેવા સારી કરણી કરવા આજથી જ જિનકથિત ધર્માચરણ કરવા માંડો.

તેમાં પ્રમાદ–આળસ ન થાય, નહીં તો...સમય વહી જશે અને પસ્તાવો થશે. એક ચિંતકે કહ્યું છે :

"Time wested can never be restored."

॥ ८ ॥

नित्योऽसि शुद्धोऽसि निरंजनोऽसि,
विवादहीनोऽसि गुणाश्रयोऽसि ।
निराग्रहशान्तिदमालयोऽसि,
इत्यात्मतत्त्वं किल भास्य त्वम् ॥८॥

॥ ९ ॥

दुःखेन भीतोऽस्यभयं यदीच्छेः,
तद्व्ययं दुःखविकारमुक्तम् ।
अनन्तसौख्याय शिवास्पदाय,
यतस्व तत्सिद्धिपदाय तस्मात् ॥९॥

તારા આત્મતત્ત્વને તું જાણ, તમને થશે કે કેવી વાત કરે છે. મારો આત્મા તો શરીર છે... ઇન્દ્રિય છે... મને છે... તેને કેવી રીતે જાણવો... અહાહા! કેવું અજ્ઞાન...જે જિનેશ્વરે કેવલજ્ઞાનના દીપક વડે કાયાની કોટડીમાં રહેલા આત્મતત્ત્વનું નિર્મળ નિરંજન...નિત્ય... નિર્વિવાદ...નિરાકાર...ગુણભંડાર....શુદ્ધ-બુદ્ધ...શમી....દમી એવું શુદ્ધ સ્વરૂપ કહ્યું છે. રખે તમો અંધારાની ધારામાં ન વહેતા એને જાણો. "આતમજ્ઞાની શ્રમણ કહાવે..."

## ६. जिनाज्ञाष्टकम्

॥ १ ॥

यदा जिनेशे जिनशासनेऽस्मिन्,
श्रद्धा भवेच्चेद् हृदि यस्य पुष्टा।
प्रभावनां श्रीजिनशासनस्य,
कर्तुंमनस्तस्य विजृंभतेरम् ॥१॥

જીવ જ્યારે દિલના દેવળમાં...શ્રદ્ધાના સિંહાસને... જિનેશ્વરને જિનકથિત ધર્મને... શાસનને પ્રતિષ્ઠિત કર્યાં પછી તો તેની આરાધનામાં-પ્રભાવનામાં રક્ષામાં સદા... સર્વદા...સર્વત્ર રહે છે. ત્યારે સ્વનું અને સર્વનું કલ્યાણની કેડીએ અભિયાન કરાવનાર બને છે. ॥१॥

॥ २ ॥

आज्ञा हि धर्मस्य सदा प्रधाना,
आज्ञा हि सम्यग् भवतारिका च।
आज्ञा हि पाल्या जिनधर्मविज्ञैः,
आज्ञा जिनेशस्य हि मुक्तिबीजम् ॥२॥

કોઈ પણ સૈન્ય ત્યારે જ વિજયની વરમાળાને...જયના લક્ષ્યને પામે છે, જ્યારે સેનાધિપતિની આજ્ઞામાં-શાસનમાં ચાલે તો જ નહીં તો પરાજય...પરાભવ...પંચત્વ પામે છે. તમારે તો મુક્તિની વરમાળા વરવી છે...વિકાસયાત્રાને વિજયવંતી બનાવવી છે. શિવસુંદરીની જયમાળાને પરિધાન

કરવી છે; તો આજથી જ તમારે જે જિનેશ્વર દેવને સેનાધિપતિ રૂપ માન્યા છે, બનાવ્યા છે. તેની કલ્યાણકારી...હિતદાયી આજ્ઞાને શિરોધાર્ય કરવી જ પડશે... અને શિરોધાર્ય કરેલી આજ્ઞા તમારા કંઠમાં મુક્તિની વરમાળા પરિધાન કરશે... અરે શિવસુંદરી તમારી રાહ જોતી ઊભી રહી છે. માટે ભવતારિકા...ધર્મપ્રધાના...માંગલ્યબીજ આજ્ઞાને સ્વીકારી તેનું પાલન કરો. ॥૨॥

॥ ३ ॥

बीजेन रिक्तं न च वृक्षवृन्दं,
वृक्षेण रिक्तं न फलं पुष्पपत्रम् ।
पुष्पेण रिक्तं न फलं सुलभ्यं,
शास्त्रं जिनेशस्य तथैव बीजम् ॥३॥

ઘટાદાર વૃક્ષનાં વૃન્દો...મઘમઘતાં ફૂલો...મધુરમધુર ફળો... બધું જ બીજને આભારી છે. બીજ વિના કાંઇ જ પ્રાપ્તિ થતી નથી. માટે તો ખેડૂત પોતે સ્વચ્છ, સુંદર... મોટા દાણાને ખાતો નથી. બિયારણ માટે રાખી મૂકે છે. ખેડૂત સમજે છે બિયારણ છે, તો મબલખ પાક છે, નહીં તો કાંઇ જ નથી...તેમ સુખછાયા પ્રદાતા વૃક્ષો સુયશના સુવાસવન્તા સુમનો...મુક્તિનાં મધુર ફળો જિનેશ્વર દેવની આજ્ઞાબીજમાં રહેલા છે. તે આજ્ઞાને શિરોધાર્ય કરી તે મુજબ વર્તન કરો. માટે તો કલિકાલસર્વજ્ઞે કહ્યું છે. ॥૩॥

**आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च...**

॥ ४ ॥

आज्ञां विनाऽऽचारकदम्बकं न,
आज्ञां विना नैव तपोविधानम् ।
चारित्रधर्मोऽपि न तां विना स्यात्,
अतो जिनाज्ञांकितधर्म एव ॥४॥

સુંદર ગોળાકાર રૌપ્ય મુદ્રાઓ તમે બનાવી હોય અને દુનિયામાં તેની કિંમત કરવા લઈ જાઓ તો ચાલે ? નહીં ચાલે. કેમકે તેના ઉપર રાજ્યની મહોર-છાપ નથી પડી... તેમ કેટલુંય સુંદર આચારનું પાલન કરતા હો... ઘોર તપશ્ચર્યા તપતા હો...અરે દુનિયાની દૃષ્ટિએ મહાન ચારિત્ર પાળતા હો... પણ મહોર છાપ ન હોય તો સર્વ નકામું...નિરર્થક ગણાય. માટે...આજથી જ આજ્ઞાયુક્ત જીવન જીવતાં શીખો. ॥૪॥

॥ ५ ॥

शुभा क्रिया दानदयादिरूपा,
सम्यक्त्वयुक्ता सफला विबोध्या ।
कठोरकष्टैश्चरिता तथापि,
सर्वा क्रिया तद्रहिता निरर्था ॥५॥

કેટલોય દાનધર્મ કર્યો...કેટલીય દયા પાળી...કેટલી ક્રિયા કરી; પરંતુ જો જિનઆજ્ઞા ન હોય તો તે બધું જ નિષ્ફળ-નિરર્થક છે. કાય કષ્ટ છે. ઉપવાસ, ઉપવાસ નહીં લાંઘણ બને છે...

ચારિત્રપાલન દેવલોક પ્રદાતા બનશે, મોક્ષદાયી નહીં. માટે આજથી જ જિનાજ્ઞાનો સ્વીકાર કરો...... ॥૫॥

॥ ६ ॥

वचो जिनोक्तं सफलं प्रमाणं,
कालत्रये स्यान्नहि निष्फलं तत् ।
येषां हृदि स्यादिति सम्प्रविष्टं,
तेषां हि सम्यक्त्वमिदं विशुद्धम् ॥६॥

દવા પણ ત્યારે જ ગુણકારી... અસરકારી બને જ્યારે ડૉકટર ઉપર શ્રદ્ધા હોય તો, વકીલ ઉપર શ્રદ્ધા હોય તો જ અસીલ જીત મેળવી શકે છે. જગતનું કોઈ પણ કાર્ય શ્રદ્ધાથી જ સફળ થાય છે.

ઇચ્છાઓ અર્થાત્ કામનાઓ મનુષ્યને નિરાશા તરફ લઈ જાય છે અને શ્રદ્ધા જીવનમાં આશાનો પ્રકાશ લાવે છે. તો પછી જેના સહારે–આશ્રયે આપને તરવું છે તે જિન-કથિત અને જિનતત્ત્વો પર અચલ...અનુપમ...હૃદયની શ્રદ્ધા જે મુક્તિની આધારશિલા છે તેનો સ્વીકાર કરો.

સર્વ મંગલનું માંગલ્ય ...આ જ જિનવચન સફળ પ્રમાણ છે... ॥૬॥

॥ ७ ॥

ज्ञेयस्तु सन्पूर्वधरोऽपि विज्ञः,
सम्यक्त्वहीनो न तरेद् भवाब्धिम्
ज्ञानं समं दर्शनशून्यमेव,
ह्यज्ञानमेवं कथितं जिनेशैः ॥७॥

અહાહા ! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય કેટકેટલું છે? કેટલાયે પૂર્વોનો અભ્યાસ કર્યો હોય...અરે અનેક શાસ્ત્રોના પારગામી બન્યા હોય....પણ સમ્યગ્દર્શન વિના તો અજ્ઞાની કહેવાય...અરે ચૌદ પૂર્વધર પણ પાર ઊતરી શકતા નથી. માટે કેટલીય ધર્મઆરાધના કરી હોય પણ જેમ એકડા વિના મીંડા નકામા છે તેમ નકામી છે. "શુદ્ધ, શ્રદ્ધાન્ વિનુ સર્વ ક્રિયા કરે; છાર પર લીંપણું તેહ જાણો."

આ આનંદઘનજી મ. સા.ની પંક્તિ કેવી ગંભીર ને ગહન છે. ॥૭॥

॥ ૮ ॥

ज्ञानक्रियादुग्धरयस्य मध्ये,
सम्यक्त्वमस्तीति सुशर्करा वै ।
सम्यक्त्वपूता सफला क्रिया च,
द्रुतं भवेद् वै शुभसाध्यसिद्धये ॥८॥

જ્ઞાન અને ક્રિયા દૂધ છે તો સમ્યક્ત્વ શર્કરા છે. અરે...જ્ઞાનની સાધના પણ સફળવંતી ત્યારે જ બને...ક્રિયા પણ સત્ક્રિયા ત્યારે જ થાય; કહો ને કે...સર્વ ધર્મ-કર્મ...યોગ...પ્રયોગ શિવસદનસાથી ત્યારે જ બને સમ્યક્ત્વ સાથે હોય તો જ... ॥૮॥

## ७. विकथावर्जनाष्टकम्

॥ १ ॥

मोक्षार्थिभिर्नो विकथा च कार्या,
संसारवृद्धिस्त्वनया विशेषात् ।
अनादितोऽस्त्येव भविस्वभावः,
संसारवार्तारसरंगसक्तः ॥१॥

તમે કોઈ વખત પર્વતારોહણ કર્યું છે? કાર–મોટરનું પર્વતારોહણ ત્યારે સફળ થાય...નિર્વિઘ્ન પૂર્ણ થાય...જે જે જગ્યાએ સૂચન બોર્ડ અથવા સાંકેતિક ચિહ્ન મૂકવામાં આવેલાનું પાલન કરે તો....કારણ કે ગવર્મેન્ટ અને પ્રજા પણ તમારી ગાડીની ને ડ્રાઈવરની નિર્વિઘ્નતા...સફળતા ઇચ્છે છે. તો પરોપકારી નિષ્કારણહિત...મિત્ર...શાસ્ત્રકાર મહર્ષિ, મોક્ષાર્થીને...મુમુક્ષુને મોક્ષારોહણમાં સફળતા, નિર્વિઘ્નતા પ્રાપ્ત થાય માટે સૂચન ન કરે? જરૂર કરે. જેથી શાસ્ત્રકાર મહર્ષિ પહેલી લાલબત્તી ધરે છે.

હે સાધક! વિકથાના કથનથી અટકી જા! માનવના સ્વભાવમાં જ જિજ્ઞાસા... કુતૂહલતા રહેલી છે. તે કુતૂહલતા જ પરની પંચાતમાં લઈ જાય છે અને સમય-ધનનો દુરુપયોગ સાથે તેના કુસંસ્કારો મજબૂત થાય છે. મનની વૃત્તિમાં મલિનતા આવે છે રાગ-દ્વેષની પરિણુતી દૃઢ થાય છે...॥૧॥

॥ २ ॥

रागानुवृद्धिर्विकथानुषङ्गात्,
मनश्चलत्वं स्वजने जनानाम् ।
धर्मप्रवृत्तिः खलु निष्फला स्या-
दतो विवर्ज्यो विकथानुषङ्गः ॥२॥

દુનિયામાં એક કહેવત પ્રચલિત છે કે, 'જેનું કામ નહીં તેનું નામ નહીં.' કેટલી પ્રેરક કહેવત છે! મોક્ષાભિલાષીને–મુમુક્ષુને ..લક્ષમાં રાખવા જેવી આ યુક્તિ છે. વિકથાનો ચેપ તો એવો જાદુઈ છે કે, પ્રારંભમાં મીઠો મધુરો લાગે છે. પછી આપણને જ માર્ગમાંથી ભ્રષ્ટ કરી કુમાર્ગમાં ગમન કરાવે છે, લલચાવે છે....સુમાર્ગમાં રહીએ પછી મનથી તો તે વિકથાના વિકલ્પ ગર્તામાં જ પડયા હોઈએ...અરે! એક જ તણખો એકીસાથે એકસો મણ ઘાસને બાળે છે. પણ આ વિકથાનો તણખો ભવોભવની સાધનાને બાળી નાખી ખાખ કરી નાંખે છે. માટે જરૂરથી ચેતજો...અને દૂર રહેજો.... ॥૨॥

॥ ३ ॥

चतुर्विधा स्याद् विकथा विवर्ज्या,
देशस्य वार्ता खलु पापगर्ता ।
रसप्रशंसा किल भोजनस्य,
राज्ञस्तु वार्ता रसवर्णनं च ॥३॥

॥ ४ ॥

स्त्रीवर्णनं नैव कदापि कार्यं,
गर्ह्यं च यद् दुःखविपाकबीजम् ।
स्त्रीरूपलावण्यकलाप्रशंसां,
श्रुत्वा स्वधर्मात्पतिताः कियन्तः ॥४॥

જ્યારે તમે વિકથાની ભયંકરતા જોઈને તો તે કઈ છે! તે જાણવાની જિજ્ઞાસા થાય માટે અહીં તેનું વર્ણન કરે છે.

* **દેશકથા :** આપણે જે દેશમાં રહ્યા છીએ તે દેશમાં શું શું થઈ રહ્યું છે? કેમ ચાલે છે? તે જાણવાની જિજ્ઞાસા રહ્યા કરે. પછી આપણા દેશના કોણ શત્રુ છે? કોણ મિત્ર છે? શત્રુ દેશપર દ્વેષ અને મિત્રદેશ પર રાગ...દેશના રિવાજો, બીજા દેશના કરતાં કમાઈ સારી હોય તો ખુશ થાય અને ખરાબ હોય તો તે દેશમાં જવાની ઈચ્છા ન થાય...બસ આ રાગદ્વેષ...ખુશી...ખરાબી...એ જ ચીકણાં કર્મો બંધાવે છે. માટે તેનો ત્યાગ કરો.

* **ભકતકથા** : આ તો રોજનો અભ્યાસ છે. ગમે ત્યાં બેઠા હો પણ ખાવા–પીવાની વસ્તુઓની વાત થાય તો મોંમાં પાણી આવે છે. ખાવાના ભાવો પણ થાય છે. ન મળે તો નિરાશા થાય છે. અરે ! તપ કરતા હોય ને તે દિવસે કંઈ ખાવાનું ન હોય તોય તેની વાત કરતાં પણ મન તલપાપડ થઈ જાય છે. અને નફા (Profit )માં આહાર સંજ્ઞાના સંસ્કાર મજબૂત થઈ જાય છે. જેથી તપ કરવામાં, આહાર સંજ્ઞા તોડવામાં અંતરાયરૂપ બને છે. માટે તેને ત્યાગો અને તપની કલ્યાણ ગાથા ગાવો...

* **રાજકથા** : આ જમાનામાં તો પ્રાત:કાલ થાય અને અખબાર આવે, અને અખબાર ન વાંચે તો ચેન પડે નહીં. ભલે સ્વાધ્યાય-ચિંતન...માળા...પ્રતિક્રમણ...પૂજા ન થાય તેનો પસ્તાવો ન થાય. કિન્તુ અખબાર ન વાંચ્યાનો પસ્તાવો જરૂર રહ્યા કરે. એમાં રાજકીય બાબતો તો ઘણા...ઘણા આર્તધ્યાનો...રાગદ્વેષની ગાઢ પરિણતિથી અશુભ કર્મ બંધાય છે. માટે ખાસ તેનાથી બચવા જેવું છે...

* **સ્ત્રીકથા** : એક ચિંતકે કહ્યું છે : જો આ સંસારમાં સ્ત્રી જેવું વિચિત્ર–ચિત્ર પ્રાપ્ત ન હોત તો બધાનો મોક્ષ નજીકમાંજ થઈ જાત...કેટલું સુંદર ચિંતન...સ્ત્રીની મોહકતાએ ...માદકતાએ...મનોહરતાએ ભલભલા ઘોર તપસ્વીઓના તપો...વિશ્વપ્રસિદ્ધ યોગી–મહર્ષિઓના યોગોને ધૂળમાં ભેળવી દીધા છે. તેનું શ્રવણ જ રાગવર્ધક...પાપપ્રવર્ધક છે. આ જમાનામાં તો છાપાંઓમાં...ગીતોમાં...ચિત્રોમાં...પિકચરોમાં

જાહેરખબરોમાં...અરે ! આખી દુનિયામાં સ્રી યુગ જ આવી ગયો. માટે આનાથી બચવાની વાત જ કરવી એ ગાંડપણ જેવું લાગે...પણ આનાથી રક્ષણ નહી થાય તો સ્રીઓના ગુણો...શીલો...સદાચાર...ભૂતકાળનો ઇતિહાસ બની જશે. આંધી આવી રહી છે, માટે ખાસ ચેતો... ।।૩+૪।।

॥ ५ ॥

एताश्चतुर्धा विकथा व्यथाश्च,
ज्ञात्वा विवर्ज्याश्चिरयत्नतोऽस्मृ ।
आभिः कथाभी रहिता जनाश्च,
धन्या सुखेनैव चरन्ति मार्गम् ।।५।।

શરીરનું તપવું...માથાનો દુઃખાવો....આ બધી વ્યથા જ તાવને લાવવાના એંધાણ બતાવે છે. તેમ આ વિકથાની વ્યથાજ ભવરોગ વધારે છે. માટે ભવરોગથી બચવું હોય તો આ વિકથાની વ્યથાને દેશવટો આપવો એજ શ્રેયસ્કર છે...કલ્યાણકારી છે.. ।।૫।।

॥ ६ ॥

श्रव्या कथा धर्ममयी मनोज्ञा
मोक्षार्थिभिः सद्गुरुवक्त्रतो नु ।
शास्त्रानुगन्त्री शुभबोधदात्री,
वैराग्यरंगाद्तधर्मपात्री ।।६।।

એકનો વિયોગ એટલે જ બીજાનો સંયોગ, એકથી દૂર જવું એટલે બીજાની નજીક જવું. તમે વિકથાથી દૂર ભાગશો એટલા જ સત્કથાની નજીક આવશો. અને સત્કથાથી શુશ્રુષા જાગશે. પણ સત્કથા સાંભળવી હોય તો સદ્ગુરુ પાસે જ જાવ અને નિર્વેદ...સંવેગમય...વૈરાગ્યોદ્ભવકારી ...શાસ્ત્રાનુસારી...સદ્બોધકારી...સત્કથાને જ સાંભળવા પ્રયત્નવાન્ બનો. ॥૬॥

॥ ૭ ॥

सुश्रोतृनृणां निजतत्त्वज्ञानं,
जिनोदितं सद्‌गुणधर्मवृध्ध्यै ।
संश्रृण्वतां धर्मकथात्मकं तत्
अतः कथा धर्ममयी हि कार्या ॥७॥

॥ ८ ॥

विवेकबुध्ध्या जिनतत्त्वज्ञानं,
चिन्त्यं हि चित्ते सुकथाभियोगात् ।
आत्मा ममैको न च कोऽपि मेऽत्र,
बाह्यास्तु योगाः क्षणिका हि वेद्याः ॥८॥

શ્રોતા બનવું પણ વિવેકવાન બનીને સાંભળવાથી જ હેય–જ્ઞેય–ઉપાદેય તત્ત્વો સમજાય છે, મહાપુરુષોના ચરિત્ર શ્રવણથીજ જે મહાપુરુષે ગુણવૃદ્ધિ...સંસ્કારની સિદ્ધિ, મોક્ષની ઋદ્ધિ પ્રાપ્ત કરી તેમ જ વિકાસયાત્રામાં વિઘ્નો...સંકટો

કેવા આવ્યા ? કેવી રીતે તે પાર ઊતર્યા ? કેવી સાધના સાધી ? આ બધું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આવા મહાપુરુષને આદર્શ બનાવી, સાધ્યને સિદ્ધ કરવા વિકાસયાત્રાનો પ્રારંભ કરવા મન ઉત્સુક બને છે.

સ્વતત્ત્વ શું ? સ્વસ્વરૂપ કેવું ? બાહ્યભાવ ? અંતરજ્ઞાન પર પરભાવનો સ્વભાવ ? ક્ષણિક શું ? નિત્ય શું ? આ બધાજ પ્રશ્નોનું સુખદ સમાધાન સત્કથામાંથી મળી શકે. માટે મુમુક્ષુએ પ્રતિદિન સત્કથા શ્રવણ કરવી. ॥૭॥+॥૮॥

## ८. जिनशरणाष्टकम्

॥ १ ॥

बंभ्रम्यमानो भवसागरेऽस्मिन्,
दुःखाकुले दुर्गतिकभ्रमाढ्ये ।
अत्रागतोऽपूर्वसुपुण्ययोगात् ,
जिनांघ्रिपद्मे शरणं प्रपन्नः ॥१॥

હાશ ! કેટલો થાકી ગયો... લાંબી...લાંબી કઠિન... કઠિન... મુસાફરી કરીને મુસાફરીમાં સાર્થવાહ રૂપ... માર્ગદર્શક રૂપ... અને ભવારણ્યમાં શરણ્ય માની તેમનું કહ્યું કર્યું, પણ અફસોસ, તેમને કંચન, કામિની, કુટુંબ અને કાયાને ન બચાવ્યા... ન સાથમાં રહ્યા... અરે સુખશાંતિનો પ્રશ્ન પણ ન પૂછ્યા, છતાંય મેં શરણરૂપ માન્યા, કેવો ભ્રમ ! કેવો વિપર્યાસ ! હવે તો પૂર્વભવની પુણ્યાઇ રૂપ માનવ ભવ મળી ગયો. બુદ્ધિથી સદ્‌ગુરુ, સેવાથી સાચું જ્ઞાન પ્રાપ્ત થયું. જગમાં શરણ હો, જિનનું ચરણ તે જ ભવનું તારણ છે. તે શરણ જ આત્માનું નિર્મલીકરણ...શુદ્ધીકરણ છે. ॥૧॥

॥ ૨ ॥

समागतानां शरणप्रदानं,
कृपानिधीनां सहजस्वभावः ।
शमीश्वराणां गुणनीरधीनां,
लग्नाञ्जनांस्तारयितुं भवाब्धेः ॥२॥

સમુદ્રની સુહાની સફર કોઈ દિવસ કરી છે?... Stemerમાં બેસીને તમને ખબર હશે. સ્ટીમર કેટલી મોટી હોય છે. તેની સાથે દોરડાંથી બાંધેલી... નાની નાની નાવડીઓને પણ કિનારે લઈ જાય છે. તેમ તમારે પણ ભવ-સાગર તરવો છે. ભયથી ત્રાસીને શરણું મેળવવા શરણાગત વત્સલ પ્રભુ પાસે ગયા તો શરણુમાં નહીં સ્વીકારે? જરૂરથી સ્વીકારશે. તે તો પરમ કૃપાળુ... શમીશ્વર ગુણાબ્ધિ છે. તમે એનો છેડો પકડો... હાથ પકડો... જરૂર પાર ઉતારશે. એક અનુભવીએ પણ કહ્યું છે, "The child holding the finger of his fat. He thinks that he is holding the pather similarly. The seiker with the Aid of the image of God. Realases God."

જેમ પોતાના પિતાની આંગળી પકડીને ચાલનાર બાળક માને છે કે હું વાસ્તવિક રીતે પિતાને પકડીને ચાલું છું; તેમ ભગવાનની મૂર્તિની સહાયથી થતી સાધના વાસ્તવિક રીતે ભગવાનને સ્વરૂપ બનાવે છે જ ॥ ૨ ॥.

॥ ३ ॥ + ॥ ४ ॥

कारुण्यवार्धेऽशरणोऽसहायः,
श्रद्धावियुक्तो गुणरत्नमुक्तः ।
क्रियाविरोधी कुविकारदग्धः,
नश्यन्मनस्कोऽगुणवावदूकः ॥३॥

अधर्मवर्त्माचरणप्रसक्तः,
सम्यक्त्वहीनो गुणिनिन्दकाग्र्यः ।
सर्वैः कुदोषैः परिपूर्णचितः ।
गृह्णे त्वदीयं शरणं जिनेश ॥४॥

તમને જાત અનુભવ છે કે, પોતાનો પુત્ર દોષોથી દૂષિત હોય... વ્યસની હોય... ખરાબ હોય...તો પણ માતા તેનું પાલનપોષણ કરે છે. તો જે માતા કરતાં વધુ મમતા ...પરમાર્થિં... વાત્સલ્યવારિધિ તેવા જિનેશ્વરનાં ચરણનું શરણ સ્વીકારવા ગયેલ દાસ, નિઃસહાય....અશરણ....શ્રદ્ધા-રહિત....ગુણરત્નશૂન્ય, ક્રિયા વિરોધી, કુવિચારરૂપી અગ્નિથી દગ્ધ... સુમનથીરહિત અધર્મી... સમ્યક્ત્વથીરહિત... ગુણીઓનો નિંદક જ નહીં પણ અગ્રણી... અરે વિશેષ શું કહું, બધા જ દોષોથી દોષિત હોય તો પણ તેને તારે ? તારે જ નહીં, પણ પાર ઉતારે... બસ આવા કરુણા મૂર્તિ જિનેશ્વરનું એક જ શરણ સ્વીકારો.... ॥૩+૪॥

॥ ५ ॥

भीमेऽतिदुखे ज्वलिते भवेऽस्मिन्,
जनुर्जरामृत्युभयाकुले तु ।
विनाशिताङ्के परतंत्रपाशे,
त्राणाय नो कोऽपि च रक्षणाय ॥५॥

ભીમ ભીષણુ ભયંકર ભવના દુઃખનું દર્શન તો કરો. જે ભવમાં રહો છો તે ભવ તો વિનાશી છે. જન્મ-જરા-મરણુથી આકુલ છે. આધિ-વ્યાધિ-ઉપાધિથી યુક્ત છે. તો તે ભવ શું તમારું રક્ષણુ કે ત્રાણુ કરશે? જરા તો વિચારો... સોચો... ॥૫॥

॥ ६ ॥

वित्तं न रामा न रमा न गेह-
माराममित्राणि न नैजवर्गः ।
न कोऽपि रक्षेत्किल चांतकाले,
धर्मः सखैकः परमोऽनुयायी ॥६॥

જીવન મુસાફરીનો કિનારો નજીક આવી રહ્યો છે. સામે મૃત્યુ મોં ફાડી ઊભું રહ્યું છે અને પોતાના ખબર-પત્રીઓને મોકલી દીધા છે... અરે આગમનનું પડઘમ પણુ વાગી રહ્યું છે. છતાંય અફસોસ, તમે તો નિરાંતે, પ્રાપ્ત સુંદરી...સંપત્તિ...સ્વજન...સત્તામાં અમરત્વ માની...મસ્તી માની રહ્યા છો. પણુ આખરે તો જીવન અસ્ત પામવાનું છે...

અને જાણે અજાણે પરલોકના પથિક બનવું પડશે. આ તો વાસ્તવિક વાત છે. તો તે વખતે આ બધામાંથી કોણ સાથી ...સંગાથી...કંપની આપશે ? કોઈ નહીં ! તો પછી શા માટે તેમાં મસ્ત બનો છો ! સાથે આવનાર જે કોઈ વિશ્વાસ-પાત્ર સાથી...સંગાથી...સુહૃદ હોય તો ધર્મ જ છે. તેને જ તું તારો મિત્ર માન... ॥૬॥

॥ ૭ ॥ ॥ ૮ ॥

मुक्त्वा कुटुंबं परिवारवृन्दं,
विलासभोगादिनिकेतनानि ।
कार्तस्वरं सञ्चितरत्नराशिं,
शोकाकुलो गच्छति जीव एकः ॥७॥

संस्थाप्य बुद्धिं परभावसंगे,
अनंतकालाद् भ्रमितो विमूढः ।
नियोजय श्रीजिनधर्ममार्गे,
निसर्गरुच्ये स्वरुचिं विवेकिन् ! ॥८॥

આ તો કેવી અફસોસની વાત છે, જેને રક્ષણરૂપ માન્યા તે જ અપલક્ષણરૂપ બન્યા... અને કેવો કરુણ અંજામ સર્જાયો. વાત કહેવી નથી પણ કીધા વિના ચાલશે નહીં. જે કુટુંબની સારવાર પાછળ વર્ષો બગાડ્યા... તેના પ્રેમ માટે સુખ માટે લાખેણા રૂપિયા ખર્ચ્યા. અરે ઘણા

કષ્ટે બહુ મૂલ્યરત્નો પ્રાપ્ત કર્યા. તે રત્નોમાંથી એક રત્ન તો શું પણ એક રૂપિયાનો 'સો'મો ભાગ પણ સાથે આવવાનો નથી... બસ આ બધું જ અહીં મૂકીને રડતા...રડતા શોકાકુલ બની જવું પડશે... એકલા અટુલા...માનો યા ન માનો પણ પરલોકના યાત્રી બનવું પડશે. આ પરલોકની યાત્રામાં જો કોઈ સહાયરૂપ...શરણરૂપ હોય તો વિશ્વવિશ્રુત જિનધર્મ છે. માટે બુદ્ધિને પરભાવમાંથી સ્વભાવસ્થ બનાવો. કાલ્પનિક શરણારૂપ માનેલા બધાને છોડી વાસ્તવિક શરણ-સ્વરૂપ જિનધર્મ અનંત અનંત ભવના ભ્રમણ બાદ મળ્યો છે, એવું માનીને તેને આજથી જ સાધી લો.... આરાધી........લો ॥૭॥ + ॥૮॥

॥ ૯ ॥

स्वादस्व चानंतशमामृतं स्वं,
स्मृत्वा जिनेशं परमं शरण्यम् ।
विहाय सर्वाधिमयं समस्तं,
भजस्व पूज्यं जिननाथदेवम् ॥९॥

શરણસ્વરૂપ... સહાયરૂપ જિનેશ્વરદેવને સ્વીકાર્યા પછી તેની પૂજા, આજ્ઞાંકિતતા... આરાધનાને જ જીવનનું લક્ષ્ય ....સાર્થક જ માનો. મુક્તિનો મૂલમંત્ર છે. વીતરાગતાનું વશીકરણ કોઈ હોય તો જીનનું શરણ છે. માટે અસહાય... અશરણ જીવને શરણરૂપ જિનેશ્વરદેવનો સ્વીકારજ ભવપાર કરાવે છે. ॥૯॥

## ९. सम्यगदर्शनाष्टकम्

॥ १ ॥

कलौ न धर्मो न गुरुर्न देवः,
शास्त्रं न शुद्धं जिनदेवसत्कम् ।
न्यायो न नीतिर्न च सत्यशीले,
श्रद्धाविहीना इति संवदन्ति ॥१॥

સનેપાત થયેલા રોગીને તમે જોયો હશે... કેવો બકવાસ કરે છે. બરાડા પાડે છે. જાણે કંઈ જ ભાન ન હોય; તેમ મહામિથ્યાત્વનો રોગ જેને લાગ્યો હોય તે પણ તેવા જ બરાડા પાડે છે. જાણો છો :– આવા પંચમ કાળમાં તો ધર્મ ગુફામાં ચાલી ગયો છે... ગુરુ તો છે જ નહીં... ન્યાય નથી... નીતિ નથી... સત્ય ને શીલ નથી... કેવો ખોટો બકવાદ કરે છે...॥૧॥

॥ २ ॥

सन्तीश्वरा ये भुवि वीतरागा,
निर्ग्रन्थतापन्नविरागताढ्याः ।
जिनोक्तिरागा गुरवश्च संति,
पश्यन्ति तान्दृष्टिवरान्नयज्ञाः ॥२॥

સમ્યક્દૃષ્ટિયુક્ત નયસંપન્ન તો આવા વિષમ કાળમાં તો વિશ્વવિશ્રુત વીતરાગદેવ છે...... નિર્ગ્રન્થતા યુક્ત મુનિ-મહાત્માઓ છે. જેઓ શાસ્ત્રાનુસારી... આગમોક્ત યથા-શક્તિ ચારિત્ર પાલન કરનારા વસુધાને અલંકાર સંપન્ન બનાવી રહ્યા છે. ॥૨॥

॥ ३ ॥

श्रद्धानहीना बहवः कलौ स्युः,
जनाः सुधर्माचरणेन युक्ताः ।
कुवासनाभिर्विकलाः खलाश्च,
प्रत्यर्थिनः पारगतागमस्य ॥३॥

આ તો કેવો વિષમકાળ છે. એમાં પાછી હુંડા અવસ-ર્પિણીકાલ ! ધર્મની કલ્પવેલડીને જીવન ઉપવનમાં સજીવન કરનાર શ્રદ્ધા સંજીવની બહુજ દુર્લભ દેખાય છે ને ? જગતમાં જ્ઞાનવંત ઘણા પણ શ્રદ્ધાવાન ઓછા ! સુધર્મ આચરવાવાલા હશે તો તે કુવાસનાથી વાસિત હશે. જે આગમના પઠનનો અધિકાર યોગ્ય સાધુસંત મહાત્માને છે તે આગમોને

થોડા ભણશે. ઊંધો અર્થ કરી શ્રદ્ધા વધુ દુર્લભ બનાવશે. દુષ્કાળમાં અધિક માસ જેવું થશે. માટે ચેતજો અને શ્રદ્ધાની સંજીવની ની રક્ષા કરજો. ॥૩॥

॥ ૪ ॥

धर्मप्रथायां विमलक्रियायां,
वदन्ति लोकाः कलिरोगदुष्टाः ।
निरर्थको रूढिगणोऽखिलोऽय–,
मित्याग्रहात्कश्मलिवृत्तियुक्ताः ॥४॥

અરે વધુ શું કહું ? આ મહામિથ્યાત્વના રોગવાળો તો ધર્મ કરે નહીં પણ કરનારને બંધ કરવા... અંતરાય કરવા ટીકાઓ કર્યા જ કરે છે. "આ તો ધર્મ નથી ઢોંગ છે. આ મોક્ષપદ ક્રિયા નથી, રૂઢિ છે. આ પ્રથા તો પુરાણુ પંથી છે. આ ક્રિયા તો શું મોક્ષ આપવાની છે ? કલિકાલ દૂષિત માનવ પોતાનું તો બગાડે સાથે બીજાનું પણ બગાડે છે. વાણી દ્વારા એવું તો ઝેર ચઢાવે છે. ધર્મથી પરાઙ્મુખ બનાવે છે. માટે તો એક ચિંતકે કહ્યું છે કે;

કોઈની પણ ટીકા કરો નહીં એ સ્વર્ગની બક્ષેલી સોનેરી તક છે.

Here is a Golden Heven sent oppor tunity celver criticise ony Body at any time. ॥૪॥

सर्वं च कूटं कुटिलाशयानां,
यत्रापि कुत्रापि च दृश्यते तत् ।
शुद्धं तु यस्यास्ति मनः पवित्रं,
तस्यास्ति सर्वं च गुणौघरत्नम् ॥५॥

જગતમાં પરિવર્તન થઈ રહ્યું છે... સહજતા ચાલી ગઈ કુત્રિમતા આવી રહી છે... શરીરનું સહજ સૌંદર્ય નષ્ટ થઇ રહ્યું છે. પ્રસાધનોથી કૃત્રિમ સૌંદર્ય શોભી રહ્યું છે. અરે! એક ચિંતકે કહ્યું છે કે; માનવ બે જાતનો હોય છે. એક કૃત્રિમ યાને દેખાવનું...મનમાં તો મલીનતાની મેશ ભરી હોય છે. પણ મુખમાં તો મધુરતાનું માખણ હોય છે... પરંતુ જ્યારે કથની અને કરણીમાં અંતર દેખાય છે ત્યારે તેને કુટિલતાનું કુદર્શન થાય છે. જગતમાં આવો તો ઘણોય માનવસમાજ મળે છે. મનસ્યેકં, વચસ્યેકં, કાયસ્યેકં...મહામના મહાત્માના મનના ક્યારામાં ગુણોનાં સુમનો પ્રફુલ્લિત થાય. ગુણોના રત્નો ઝગમગે તે આન્તરિક સહજ સૌન્દર્યવાળા હોય છે. ॥૫॥

पूर्वंग्रहग्रस्तविलक्षचित्ताः,
कुमार्गरागाः कुविचारपुष्टाः ।
जाता ह्यनेके सुकुलोपपन्नाः,
पदे पदे सन्ति कलौ विचित्राः ॥६॥

આજના સમાજનું એક વૃદ્ધ શ્રાવક ચિત્રનું આબેહુ ચિત્રણ કવિએ આ શ્લોકમાં કર્યું છે....... કેવો છે શિક્ષિત-વર્ગ ? સમાજનું મોવડી મંડળ... સ્નાતકો... વિદ્વાનો... સુકુલમાં ઉત્પન્ન થયેલા સજ્જનો પણ પૂર્વગ્રહથી એવા તો ગ્રસ્ત થઈ ગયા છે કે સદ્‌ગુરુઓ ગમે તેટલું સમજાવે પણ સમજે નહીં. પોતાના Idia જ કર્યા કરે... જીનનું વચન નહીં પણ પોતાના પૂર્વગ્રહથી એવા તો ગ્રસ્ત થઈ ગયા છે કે, પોતે જે માન્યું તેજ વચન સાચું એવા કુમાર્ગના કુતિર્થિકોના કરનારા પગલે...પગલે...મળે છે. ॥૬॥

प्रभावनां श्रीजिनशासनस्य,
ज्वलन्ति चित्ते च खला निरीक्ष्य ।
पापोदयाच्चिक्कणकं तु कर्म,
बध्नन्ति ह्येते निजघातहेतुम् ॥७॥

એક કથાનક પ્રચલિત છે. એક ભાઈ ઘરે ગયા. મોં ઉપર ઉદાસીનતા ઊપસેલી છે. શરીર પર નિરાશાની નિશાનીઓ લાગી ગયેલી છે. એ જોઈને પત્ની પૂછે કે, કેમ આટલા ઉદાસ દેખાવ છો ? શું કોઇ ખરાબ બનાવ બન્યો છે ? કેમ શું થયું ? મહાનુભાવે ઉત્તર આપ્યો કોઈ ખાસ ખરાબ બનાવ નથી બન્યો. મારૂં કાંઈ ગયું નથી, પણ મારી સામેની દુકાનવાળાએ ઉદાર મહાશયે એવું તો દાન દીધું કે, જોઈ મારું લોહી બળી ગયું. અરેરે ! કેવો મૂર્ખ છે. બીજા દાન આપે...પુણ્ય કર્મ કરે તેથી તેનું શું જવાનું ?

પણ આ રોગ સમજદાર...શિષ્ટજનોને પણ લાગ્યો છે. બીજા લાખો રૂપિયા ઘરના ખર્ચી જિનશાસનની પ્રભાવના કરે છે...પુણ્ય કર્મ કરે છે. તેને જોઈ તેના મન અને તન બન્ને શેકાઈ જાય છે. અને તે શાસન પ્રભાવના પુણ્ય કર્મમાં ખર્ચેલા લાખો રૂપિયાનો ધૂમાડો કહી વખોડે છે, અને નાહકના ચીકણાં કર્મો બાંધી ક્યાં જશે ? અરે, પોતાના હાથે પોતાનો જ નાશ નથી નોંતરતા ? જરૂર નોંતરે છે. ॥૭॥

शास्त्रोक्तवाण्या गुरवः सदैव,
न्यक्कारयन्तः कुमतं स्वशक्त्या ।
विरोधलक्षेऽपि च दीपयन्ति,
प्रभावदीप्रं जिनशासनं च ॥८॥

ઓ શાસનના આરાધકો ! જો જો તમે આ રોગમાં-નીચ કર્મમાં ન જોડાતા...પણ શાસ્ત્રોક્ત પ્રમાણે...

ગુરુઆજ્ઞામાં રહી શાસન પ્રભાવનાનાં મહાન કાર્યો કરી, યથાશક્તિ શાસનના વિરોધીઓનો વિરોધ કરો... जैनं जयति शासनम् ની વિજયધ્વજા જગમાં લહેરાઓ ફરકાઓ. ॥૮॥

## १०. ध्यानाष्टकम्

॥ १ ॥

कर्मावृतोऽयं भ्रमणस्वभावः,
चतुर्गतौ यः सततं विलक्षः ।
भ्रमेद् इहा चक्रकवद् भ्रमित्वात्,
कुलालगेहस्य सुदृष्टिनष्टः ॥१॥

વૃત્તિમાં રત્ન છે... પ્રવૃત્તિમાં નહીં...ગતિ કરે છે, પ્રગતિ નહીં. કુંભારના ચક્ર પર ચઢેલો ઘડો ભમ્યા જ કરે છે...તેમ ચાર ગતિના ચક્કરમાં ચોર્યાશી લાખ યોનિમાં જીવ ફર્યા જ કરે છે...પરિશ્રમ વ્યર્થ ગયો છે ॥ ૧ ॥

કેવું છે કર્મનું ચક્ર !

॥ २ ॥

घनाघनाच्छादितसूर्यतेजः,
चक्षुष्मतां नैव यथेक्ष्यते वै ।
सुशास्त्रनेत्राद् रहिता जनाश्च,
तथा न पश्यंति निजात्मरूपम् ॥२॥

કેવલી ભગવંતો કૈવલ્યના નેત્રવડે...દેવો અવધિજ્ઞાનની આંખ વડે...ચર્મચક્ષુવાળા ચર્મચક્ષુથી...સજ્જનો શાસ્ત્રચક્ષુ વડે જુએ છે. ઘનઘોર ઘટાની છટા આકાશમાં જામી હોય...સૂર્યના પ્રકાશને આવરી લીધી હોય પછી પૃથ્વી પર તો કાજળઘેરું તિમિર વ્યાપ્ત થઈ જાય ને... પછી આંખો હોય તોય શું ? વસ્તુનું પ્રત્યક્ષ દર્શન થાય–ન થાય, તેમ ચર્મચક્ષુ હોવા છતાં જો સુશાસ્ત્રચક્ષુ ના હોય તો આત્મ-દર્શન થતું નથી, માટે સુશાસ્ત્રચક્ષુવાળા બનો ॥૨॥

॥ ३ ॥

प्रभञ्जनास्फालितमेघवृन्दं,
यथा द्रवेच्छीघ्रतरं घनिष्टम् ।
व्रजेत्तु कर्मावरणं जनस्य,
ध्यानानिलेनैव तथात्मनो वै ॥३॥

અષાઢના કાળા ભ્રમર મેઘની સવારી નીલગગન પર સવાર થઈ હતી...જાણે હમણાં જ મુશળધાર મેઘ વરસી પડશે. થોડી જ પળોમાં જળબંબાકાર થઈ જશે...પણ આશ્ચર્ય ! એવો તો મહાવાયુ વીંઝાયો કે આકાશમાં મેઘની સવારી પધારી હતી કે નહીં તેનું નિશાન પણ ન રહ્યું... આવો જ ધ્યાનનો અલૌકિક પ્રભાવ છે...પ્રતાપ છે. આત્મા-કાશ પર જામેલી કર્મની કાલી શ્યામ મેઘાવલીને એવી ભગાડી મૂકે છે કે જાણે આત્માપર કર્મની છાયા હતી કે

નહીં, તેની નિશાની માલૂમ પડતી નથી. પછી આત્મા નિર્મળ સ્વચ્છ બની જાય છે. આવો ધ્યાનનો પરમ પ્રભાવ છે ॥૩॥

॥ ૪ ॥

यथा गुहायां तिमिरं घनिष्ठं,
चिराय कालादवसंस्थितं यत् ।
दीपप्रकाशात्क्षणतः प्रणश्येत् ,
तथात्मसंस्थं वितथं विनश्येत् ॥४॥

તમે કોઈ ગુફામાં ગયા છો...કેવું અંધારું હોય છે? અંદર શું છે? માનવ કે પશુ તે પણ ખબર પડતી નથી... આવા ઘનઘોર અંધારામાં એક દીપિકા જ બધા જ તિમિરનો નાશ કરે છે, તેમ આત્મગુફામાં જામેલ તિમિરને ધ્યાનદીપક વિસર્જન કરે છે. પ્રકાશનું સર્જન યાને તિમિરનું ઉન્મૂલન અને તેજનું ઉન્મિલન... ॥ ૪ ॥

॥ ૫ ॥

विभावभावे प्रविलक्षजीवः,
विस्मृत्य सत्यं विमलं विकृष्टम् ।
दीपे पतंगो दहति स्वदेहे,
यथा तथात्मा गुणधर्मगेहम् ॥५॥

કેવું આશ્ચર્ય! આત્મા પોતે જ પોતાના સ્વભાવને.... ઘરને...ગુણોને ભૂલીને પરભાવમાં રહેવા રમવા લાગ્યો. માનો, ઘોડો પોતાની ચાલ ભૂલી ગધેડાની ચાલે ચાલવા લાગ્યો. પરભાવને...બાહ્યભાવને જે સ્વરૂપને પોતાનું માની તેમ જ પ્રેમરાગ...મોહ કરી તેમાં જ રત બનવા પ્રયત્ન કરે છે. પેલો ઉપાસક્ત પતંગ દીપમાં જ પ્રેમ કરવા લાગ્યો. તેમાં સમાયો અને ખાક થયો. તેમ તમારું ન થાય તે જો...જો. ॥ ૫ ॥

॥ ६ ॥

अभेदभावेन निजं स्वरूपं,
विचिन्तनीयं सततं सुचिद्भिः ।
देहस्थितोऽयं निजकर्मसंगात् ,
ज्ञेयो हि जीवो जिनतुल्यताभाक् ॥६॥

માનવી માનવદષ્ટિએ જુએ તો બધા માનવ સરખા લાગે છે. નથી કોઈ ભેદ કે અલગ. પણ જાતિની દષ્ટિએ જુએ છે તો કોઈ બ્રાહ્મણ...કોઇ ક્ષત્રિય...કોઇ વણિક... કોઇ શૂદ્ર દેખાય છે. આવી જ રીતે અભેદ દષ્ટિએ જીવ અને શિવમાં...આત્મા ને પરમાત્મામાં કોઇ જ ભેદ નથી. પણ ભેદ દષ્ટિએ વિચારીએ તો શિવ એ તો સિદ્ધ શિલામાં બિરાજમાન છે. જ્યારે જીવ એ તો અસિદ્ધ...અબુદ્ધ... અશુદ્ધ સંસારમાં રહે છે. એટલા માટે તો કહ્યું છે:

તું જુદા નહીં...મૈં જુદા નહીં ઔર કોઇ જુદા નહીં.
કાટલે અગર કર્મકું, ન છેદ હૈ, ન ભેદ હૈ ॥૬॥

॥ ७ ॥ + ॥ ८ ॥

आच्छिद्य कर्माणि जिनेशचित्तात् ,
त्यक्त्वातिगर्ह्याञ्जडबाह्यभावान् ।
ज्ञानक्रियासंयमसत्तपोभिः,
पदं शिवं सवृणुते चिदात्मा ॥७॥

लोकाग्रभागे गतकर्मजीवाः,
सिद्धा हि बुद्धा विमलात्मदीपाः ।
निरामया निर्मलनैजभावा,
नित्यत्वभाजो भजनीयरूपाः ॥८॥

જિનેશ્વર દેવના પૂર્ણ જીવનનો વિચાર કરીએ તો તેમને કેટકેટલા ભવથી ક્રૂર...કાતીલ...કર્મશત્રુઓ હણવા... વિજય મેળવવા...આત્માના સામ્રાજ્યનો વિકાસ કરવા વિકાસ-યાત્રા યા વિજયયાત્રા પ્રારંભી હતી. ૨૫૦ વર્ષ દેશપર ઘર કરી બેઠેલા પરદેશીઓને ભગાડવા કેટકેટલો ભોગ આપવો પડયો હતો. આત્મા ઉપર અનાદિકાલથી ઘર કરી બેઠેલા કર્મને ભગાડવા વીર્ય ફોરવવું નહીં પડે? પડશે જ. કારણ કે (૧) જડભાવ...પરભાવ...બાહ્યભાવ અગ્રાહ્ય છે; એમ માને તો બહિરાત્મભાવ તજી અંતરાત્મ બને છે. (૨) અંતરાત્મ દૃષ્ટિ એટલે અધ્યાત્મભૂમિકાનો પ્રારંભ સતૂજ્ઞાન...સતૂક્રિયા.... સંયમ...ઘોર તપ આદિનું આચરણ કરે ત્યારે તે અંતરા-ત્મદૃષ્ટિમાંથી પરમાત્મદૃષ્ટિ... પરમાત્મભાવને પામે છે.

પરમાત્મદશાને પામેલા હોય તે સાહજિક રીતે એ લોકકલ્યાણપ્રદ માર્ગનું દાન કરતા... અષ્ટકર્મથી મુક્ત બની સિદ્ધ...બુદ્ધ...શુદ્ધ...સમૃદ્ધ, નિર્મળ, નિજભાવ...નિત્યત્વ સ્વરૂપસ્થ બનશે. આવા જ પરમાત્મા સેવનીય છે.

આપનું લક્ષ્ય-નિશાન પરમાત્મા છે.

આપના આરાધ્ય-સાધ્ય પરમાત્મા છે. ॥૭+૮॥



# प्रशस्ति

श्रेष्ठं निजात्मस्मृतये मयेदं,
दृब्धं सदा ज्ञानरसांबुशालि ।
मोक्षार्थिनां तत्त्वविमर्शिनां च,
हिताय बोधाय विचारणाय, ॥१॥

स्वस्वांतशान्त्यै जिनशिक्षणाय,
विवेकदीपाय शमस्य सिध्ध्यै ।
एतत्कृतं चाष्टकमात्मशुद्ध्यै,
ज्ञानेप्सुना सूरिवरेण रम्यम् ॥२॥

प्रसिद्धनाम्ना भुवनादिमेन,
जगन्महिम्ना तिलकान्तिमेन ।
श्रीलब्धिसूरेश्च गुरोः प्रभावात् ,
जीयात्कृतं चाष्टकमेव भूमौ ॥३॥

श्रीरोहितद्रङ्गवरेऽतिभव्ये,
जिनप्रतिष्ठासुमहे सुचैत्ये ।
युगादितीर्थाधिपतेः सुरम्ये,
जीयात्कृतं चाष्टकमात्मशुद्ध्यै ॥४॥

તમે કોઇ ઉદ્યાનમાં મોહક...આકર્ષક....સુવાસવંતુ સુમન જોયું છે? તે માદકભરી મોહક અને મધુરતાયુક્ત પરિમલ આપે છે ને? આવી જ રીતે અષ્ટકર્મનો ક્ષય કરવા...અષ્ટસિદ્ધિનો જય કરવા, અષ્ટ પાંખડીઓથી શોભતું ફૂલ (અષ્ટક) એવા દશવિધધર્મ સ્મારક સમા દશ ફૂલોને માલાકારે સાહિત્ય જ્ઞાનમાં વિકસાવ્યા છે. આ દશ પુષ્પોના વિકાસથી માલાકારે સ્વચિત્તશુદ્ધિ, સમસિદ્ધિ આત્મસ્મૃતિની સૌરભતા પ્રાપ્ત થાય છે. અને તેવા ગ્રાહકને...મોક્ષાર્થીને તત્ત્વવિમર્શીને, જ્ઞાનેપ્સુને હિતનું...બોધનું...વિચારણાનું, જનશિક્ષણનું, વિવેકદીપનું મનોહર પરિમલ પ્રાપ્ત થાય છે.

તમને આવા માનવંતા માલાકારનું શુભાભિધાન જાણવાની ઇચ્છા છે? તો જાણી લો; ભુવન આદિમાં છે. તિલક છે, અંતમાં એવા ભુવનતિલક સુરીશ્વરજી મ.સા.ના મોંઘેરા નામથી શોભતા ગુરુદેવ પૂજ્ય શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. સા. ના પાટેદીપી રહેલા, એવા મેં તેમના પ્રભાવથી (ભુવનતિલક સૂ. મ.) મરુધરના મનોહર રોહિડા શહેરમાં ભવ્ય...દિવ્ય ચૈત્યમાં જિનેશ્વરની પ્રતિષ્ઠા પ્રસંગ પર આદીશ્વર પ્રભુની નિશ્રામાં આ દશ કલ્પવૃક્ષ સમાન અષ્ટકોની રચના કરી છે. તે જગમાં જયવંતા રહો.